તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

ઓક્ટોબર Part 1

2026

ઉરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ

Crack GPSC | **CRACK GPSC**

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

01/10/2026

સિંહ સંરક્ષણ માટે પોરબંદર વન વિભાગનું પુનર્ગઠન

ગુજરાત સરકારે બરડાના એશિયાઈ સિંહોના સંરક્ષણ અને વન વ્યવસ્થાપનને મજબૂત કરવા પોરબંદર વન વિભાગનું પુનર્ગઠન કર્યું છે. નવી વ્યવસ્થામાં વન રેન્જ, બીટ, અધિકારીઓ અને સાધનોની જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં આવી છે. પોરબંદર રેન્જમાં 80 ગામો અને 6,840.84 હેક્ટર વિસ્તાર, જ્યારે રાણાવાવ રેન્જમાં 27 ગામો અને 13,051.25 હેક્ટર વિસ્તાર આવરી લેવાશે. વિભાગમાં કુલ સાત રેન્જ હશે અને બે મદદનીશ વન સંરક્ષક તેમની દેખરેખ રાખશે. સરકારે આ ફેરફારથી સ્થળ પર પેટ્રોલિંગ, વન સંરક્ષણ અને સિંહ વ્યવસ્થાપન વધુ અસરકારક બનવાની અપેક્ષા વ્યક્ત કરી છે.

વધતા સમુદ્રસ્તર અંગે સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ ઘોષણા

ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સમુદ્રસ્તરમાં વધારા અંગે પ્રથમ ઘોષણા સ્વીકારી. તેમાં સમુદ્રસ્તર વધવાને ખાસ કરીને નીચાણવાળા ટાપુ દેશોના અસ્તિત્વ માટે ગંભીર જોખમ ગણાવાયું. ઘોષણાનો મુખ્ય મુદ્દો દેશ તરીકેની માન્યતાનું સાતત્ય (Continuity of Statehood) છે. સમુદ્રસ્તર વધવાથી કોઈ દેશનો ભૂભાગ નાશ પામે તો માત્ર તેના કારણે તે દેશનું રાજ્યત્વ આપોઆપ સમાપ્ત થતું નથી. ટાપુ દેશોની સાર્વભૌમતા, સાર્વભૌમ અધિકારો અને સંયુક્ત રાષ્ટ્રના સભ્યપદનું સાતત્ય જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો. આ ઘોષણા નાના દ્વીપીય દેશોની લાંબા સમયથી ચાલી રહેલી માગણી માટે મહત્ત્વપૂર્ણ પગલું છે.

વિથ્યા રામરાજે તોડ્યો પી.ટી. ઉષાનો રેકોર્ડ

ભારતીય એથ્લેટ વિથ્યા રામરાજે એશિયન ગેમ્સ 2026માં 400 મીટર હર્ડલ્સમાં 54.75 સેકન્ડનો સમય નોંધાવી બ્રોન્ઝ મેડલ જીત્યો અને પી.ટી. ઉષાનો 42 વર્ષ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો. પી.ટી. ઉષાએ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ 1984માં 55.42 સેકન્ડનો રેકોર્ડ બનાવ્યો હતો. વિથ્યાએ એશિયન ગેમ્સ 2023માં તેની બરાબરી કરી હતી, જ્યારે હવે તેણે તેમાં 0.67 સેકન્ડનો સુધારો કર્યો. આ સાથે વિથ્યા 400 મીટર હર્ડલ્સમાં 55 સેકન્ડથી ઓછો સમય નોંધાવનાર પ્રથમ ભારતીય મહિલા બની. વિથ્યાનો એશિયન ગેમ્સ 2026માં આ સતત બીજો બ્રોન્ઝ મેડલ છે.

ફાતિમા ઝહરા: મોરોક્કોનાં પ્રથમ મહિલા વડાપ્રધાન

મોરોક્કોના રાજા મોહમ્મદ 6એ ફાતિમા ઝહરા અલ-મન્સૂરીને દેશનાં પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે નિયુક્ત કર્યાં. તેઓ અગાઉ મરાકેશનાં મેયર તેમજ રાષ્ટ્રીય પ્રદેશ આયોજન, શહેરી વિકાસ અને આવાસ મંત્રી રહી ચૂક્યાં છે. તેમની ઓથેન્ટિસિટી એન્ડ મોડર્નિટી પાર્ટી (PAM)એ તાજેતરની સંસદીય ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો (97) મેળવી હતી. મોરોક્કોના બંધારણ મુજબ સૌથી વધુ બેઠકો મેળવનાર પક્ષમાંથી સરકારના વડાની નિમણૂક થાય છે. રાજાએ તેમને નવી ગઠબંધન સરકાર રચવાની જવાબદારી સોંપી છે. તેઓ અરબ વિશ્વમાં મહિલા PM બનનાર બીજાં વ્યક્તિ અને મોરોક્કોમાં આ પદ સંભાળનાર પ્રથમ મહિલા છે.

એશિયન ગેમ્સમાં ભારતને એથ્લેટિક્સનું પ્રથમ ગોલ્ડ

2026 એશિયન ગેમ્સમાં ભારતે એથ્લેટિક્સમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો છે. મહિલાઓની 4×400 મીટર રિલેમાં કિરણ પહલ, પૂવમ્મા માચેટ્ટીરા, પ્રાચી ચૌધરી અને વિથ્યા રામરાજની ભારતીય ટીમે 3:29.69 મિનિટનો સમય નોંધાવી પ્રથમ સ્થાન મેળવ્યું. ભારત આ એશિયન ગેમ્સમાં એથ્લેટિક્સમાં અનેક મેડલ જીતી ચૂક્યું હતું, પરંતુ ગોલ્ડથી વંચિત હતું. રિલે ફાઇનલમાં બહેરીને સિલ્વર અને ચીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો. આ જીત સાથે ભારતીય મહિલા રિલે ટીમે એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન નોંધાવ્યું. વિથ્યા રામરાજ માટે પણ આ સ્પર્ધા ખાસ રહી, કારણ કે તેમણે અગાઉ 400 મીટર હર્ડલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

Crack GPSC

ભારતનાં 5 નવાં સ્થળો UNESCOની સંભવિત યાદીમાં

ભારતે UNESCOની વર્લ્ડ હેરિટેજ સંભવિત યાદીમાં 5 નવાં સ્થળો અને પ્રસ્તાવો ઉમેર્યા છે. આ સાથે ભારતની સંભવિત યાદીમાં સ્થળોની સંખ્યા 78 થઈ. નવી એન્ટ્રીઓમાં મધ્ય પ્રદેશનાં બાઘ ગુફા ચિત્રો, ચંબલ ઘાટી મંદિર સમૂહ, ઉદયગિરિ ગુફાઓ અને ગિન્નોરગઢ કિલ્લો સામેલ છે. પાંચમો પ્રસ્તાવ 'Sites of Satyagraha' છે, જે ભારત અને દક્ષિણ આફ્રિકાને જોડતો સિરિયલ ટ્રાન્સનેશનલ પ્રસ્તાવ છે. સત્યાગ્રહના પ્રસ્તાવમાં નવ સ્થળો છે, જેમાં ભારતનાં સાત અને દક્ષિણ આફ્રિકાનાં બે સ્થળો સામેલ છે. તેમાં ગુજરાતનો સાબરમતી આશ્રમ પણ સમાવિષ્ટ છે. સંભવિત યાદીમાં સમાવેશ એ વિશ્વ ધરોહરનો દરજ્જો મળ્યા પહેલાંનું પગલું છે, આ સ્થળોને હજુ અંતિમ દરજ્જો મળ્યો નથી.

02/10/2026

ઉત્તરાખંડમાં પ્રથમ ગ્લેશિયલ લેક અર્લી-વોર્નિંગ સિસ્ટમ

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં વસુંધરા તાલ ખાતે રાજ્યની પ્રથમ ગ્લેશિયલ લેક અર્લી વોર્નિંગ સિસ્ટમ (Early Warning System) શરૂ કરવાની કામગીરી શરૂ થઈ. વસુંધરા તાલ રાજ્યનાં 13 હાઈ-રિસ્ક ગ્લેશિયલ લેક્સમાં સામેલ છે. સિસ્ટમમાં પાણીનું સ્તર, વરસાદ, તાપમાન, પવન, બરફની ઊંડાઈ, ભૂગર્ભ તાપમાન અને જમીનની હિલચાલ જેવાં પરિબળો માપવા માટે સેન્સર્સ લગાવવામાં આવશે. સેન્સર, ઉપગ્રહ સંચાર અને વાસ્તવિક સમયના ડેટા દ્વારા સરોવરની સ્થિતિ પર નજર રાખવામાં આવશે. તેનો મુખ્ય હેતુ Glacial Lake Outburst Flood (GLOF)નું જોખમ વહેલું ઓળખી નીચલાં ક્ષેત્રોમાં સમયસર બચાવ અને સ્થળાંતર માટે જરૂરી પગલાં લેવામાં મદદ કરવાનો છે.

શૂટિંગમાં ભારતને પ્રથમ વ્યક્તિગત ગોલ્ડ

ભારતીય શૂટર નીરુ ધાંડાએ જાપાનના આઇચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં મહિલા ટ્રેપની વ્યક્તિગત સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો છે. આ એશિયન ગેમ્સમાં મહિલા ટ્રેપની વ્યક્તિગત સ્પર્ધામાં ભારતનો પ્રથમ ગોલ્ડ મેડલ છે. હરિયાણાના જિંદ જિલ્લાની 26 વર્ષની નીરુ ધાંડાએ ફાઇનલમાં 30માંથી 28 ટાર્ગેટ હિટ કર્યા હતા. આ પ્રદર્શન સાથે તેણે એશિયન ગેમ્સનો નવો રેકોર્ડ બનાવ્યો. અગાઉનો રેકોર્ડ 24નો હતો. નીરુ ધાંડા ભારતીય સેનામાં નાયબ સુબેદાર તરીકે સેવા આપે છે અને મધ્ય પ્રદેશના મહૂ સ્થિત Army Marksmanship Unit ખાતે તાલીમ લે છે. આ ગોલ્ડ પહેલાં નીરુએ મહિલા ટ્રેપ ટીમ ઇવેન્ટમાં પણ સિલ્વર મેડલ જીત્યો હતો.

અમેરિકામાં એસ્સાર ગ્રુપનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આયોવા રાજ્યમાં 15 અબજ ડોલરના નવા સ્ટીલ પ્લાન્ટની જાહેરાત કરી. ભારતના એસ્સાર ગ્રુપની માલિકીની મેસાબી મેટાલિક્સ કંપની આ પ્લાન્ટ વિકસાવશે. સંપૂર્ણ વિકાસ પછી તેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા એક કરોડ ટન રહેશે. પ્લાન્ટમાં 2030થી ઉત્પાદન શરૂ થવાની ધારણા છે. કાચા માલ માટે મિનેસોટામાં મેસાબીની 2.5 અબજ ડોલરની લોખંડની ખાણનો ઉપયોગ થશે. સ્ટીલ ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયા અમેરિકામાં થશે. ટ્રમ્પે આ રોકાણનો શ્રેય સ્ટીલની આયાત પર લાદેલા 50 ટકા ટેરિફને આપ્યો. સંપૂર્ણ ક્ષમતા પર પહોંચ્યા બાદ આ પ્લાન્ટ અમેરિકાના ઇતિહાસમાં સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ બની શકે છે, એવો દાવો ટ્રમ્પ દ્વારા કરવામાં આવ્યો છે.

એશિયન ગેમ્સ 2026માં કુસ્તીનું પ્રથમ મેડલ

ભારતીય રેસલર સુનીલ કુમારે જાપાનના આઇચી–નાગોયામાં યોજાયેલી એશિયન ગેમ્સ 2026માં પુરુષોની 87 કિલોગ્રામ ગ્રીકો–રોમન કુસ્તીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. સુનીલે એક પણ પોઇન્ટ ગુમાવ્યા વિના પ્રથમ પિરિયડની બે મિનિટની અંદર જીત મેળવી. હરિયાણાના 27 વર્ષીય સુનીલે અગાઉ 2023ની હાંગઝોઉ એશિયન ગેમ્સમાં પણ કાંસ્ય જીત્યો હતો. આ સાથે તે એશિયન ગેમ્સની ગ્રીકો–રોમન કુસ્તીમાં બે ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય બન્યો. ઉપરાંત આ ભારતનો વર્તમાન એશિયન ગેમ્સમાં કુસ્તીનો પ્રથમ ચંદ્રક છે. સુનીલે ક્વાર્ટર ફાઇનલમાં તાજિકિસ્તાનના મુહમ્મદ સુલ્તાનઝોદાને હરાવ્યો હતો, પરંતુ સેમિફાઇનલમાં જાપાનના તાઇઝો યોશિદા સામે પરાજય થયો હતો.

Crack GPSC

શુભમન ગિલની સૌથી ઝડપી બેવડી ODI સદી

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલે વેસ્ટ ઇન્ડિઝ સામેની બીજી વનડેમાં ઐતિહાસિક બેવડી સદી ફટકારીને નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ગિલે માત્ર 117 બોલમાં 200 રન પૂર્ણ કર્યા અને વનડે ક્રિકેટના ઇતિહાસમાં સૌથી ઝડપી બેવડી સદી ફટકારનાર બેટર બન્યા. આ પહેલાં આ રેકોર્ડ ભારતના ઇશાન કિશનના નામે હતો, જેણે 126 બોલમાં બેવડી સદી ફટકારી હતી. શુભમનની આ વનડે કારકિર્દીની બીજી બેવડી સદી છે. આ સાથે તેઓ વનડેમાં એકથી વધુ બેવડી સદી ફટકારનાર વિશ્વના માત્ર બીજા બેટર બન્યા છે. રોહિત શર્મા પછી વનડેમાં એકથી વધુ બેવડી સદી ફટકારનાર તે બીજા બેટ્સમેન બન્યા. રોહિતના નામે ત્રણ બેવડી સદી છે.

કોકપિટમાં હુમલો છતાં પાઇલટે બચાવ્યા 174 જીવ

દુબઈથી તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઇટ FZ1073માં ગુજરાતી કેપ્ટન સ્મિત મચ્છર પર સહપાઇલટે છરીથી હુમલો કર્યો હતો અને ઇઝરાયેલી અધિકારીઓના જણાવ્યા મુજબ, સહપાઇલટે વિમાન તોડી પાડવાનો પ્રયાસ કર્યો હતો. ઘાયલ હોવા છતાં મચ્છરે કોકપિટનો દરવાજો ખોલ્યો, જેથી મુસાફરો અને ક્રૂ હુમલાખોરને કાબૂમાં લઈ શક્યા. વિમાનમાં હાજર અન્ય બે પાઇલટે સાઉદી અરેબિયાના તાબુકમાં સુરક્ષિત લેન્ડિંગ કરાવ્યું. ઇઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન અને PM નરેન્દ્ર મોદીએ વિમાનમાં સવાર 174 લોકોના જીવ બચાવવામાં સ્મિતના સાહસની પ્રશંસા કરી. મુંબઈના સ્મિત અગાઉ સ્પાઇસજેટમાં હતા અને 2022થી ફ્લાયદુબઈમાં કેપ્ટન છે.

03/10/2026

ભારતીય મહિલા હોકી ટીમે 44 વર્ષ બાદ ગોલ્ડ જીત્યો

આઇચી–નાગોયા એશિયન ગેમ્સ 2026માં ભારતીય મહિલા હોકી ટીમે ચીનને હરાવીને 44 વર્ષ બાદ સુવર્ણપદક જીત્યો. ભારતે અગાઉ 1982ની નવી દિલ્હી એશિયન ગેમ્સમાં મહિલા હોકીનો સુવર્ણપદક મેળવ્યો હતો. લાલરેમસિયામીએ પોતાની 200મી આંતરરાષ્ટ્રીય મેચમાં દસમી મિનિટે નિર્ણાયક ગોલ કર્યો. ગોલકીપર સવિતા પુનિયાએ ચીનનો પેનલ્ટી સ્ટ્રોક રોકીને ભારતની સરસાઇ જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આ વિજય સાથે ભારતે લોસ એન્જલસ ઓલિમ્પિક્સ 2028 માટે સીધી લાયકાત મેળવી. એશિયન ગેમ્સના ઇતિહાસમાં ભારતીય મહિલા હોકીનો આ બીજો ગોલ્ડ છે. અગાઉ ભારત 1998 અને 2018માં સિલ્વર જીત્યા હતા.

અનુપ બાગચી HDFC બેંકના નવા વડા

HDFC બેંકે અનુપ બાગચીની નવા મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિમણૂક કરી છે. ભારતીય રિઝર્વ બેંકે ત્રણ વર્ષ માટે તેમની નિમણૂકને મંજૂરી આપી છે. તેઓ શશિધર જગદીશનનું સ્થાન લેશે. બાગચીને બેંકિંગ, મૂડીબજાર, ટ્રેઝરી અને વીમા ક્ષેત્રોમાં 30 વર્ષથી વધુનો અનુભવ છે. તેઓ 1992માં ICICI ગ્રૂપમાં જોડાયા હતા અને જૂન 2023થી ICICI પ્રુડેન્શિયલ લાઇફ ઇન્શ્યોરન્સના MD અને CEO તરીકે કાર્યરત છે. તેમણે અગાઉ ICICI સિક્યોરિટીઝનું નેતૃત્વ પણ સંભાળ્યું. તેઓ IIT કાનપુર અને IIM બેંગલુરુના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. આ નિમણૂકને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 35B હેઠળ મંજૂરી અપાઇ છે.

AG: મહિલા રિકર્વ આર્ચરી ટીમનો ઐતિહાસિક ગોલ્ડ

ભારતીય મહિલા રિકર્વ તીરંદાજી ટીમે એશિયન ગેમ્સ 2026માં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો છે. વિશ્વવિજેતા દક્ષિણ કોરિયાએ મહિલા ટીમ રિકર્વમાં 1998થી સતત ગોલ્ડ જીત્યા હતા. ભારતની જીતથી તેમની આ લાંબી વિજેતા શ્રેણીનો અંત આવ્યો. સેમિફાઇનલમાં ભારતે ચીનને 5-1થી હરાવીને પ્રથમ વખત એશિયન ગેમ્સની મહિલા રિકર્વ ટીમ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ભારતીય ટીમમાં અંકિતા ભકત, કીર્તિ શર્મા અને કુમકુમ મોહોડ સામેલ હતાં. ભારતીય ટીમ પ્રથમ વખત આ સ્પર્ધાની ફાઇનલમાં પહોંચી અને ઇતિહાસ રચ્યો.

Crack GPSC

ગુજરાત UCC બિલને રાષ્ટ્રપતિની મંજૂરી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, 2026ને મંજૂરી આપી. આ સાથે ઉત્તરાખંડ પછી વ્યાપક સંહિતા માટે રાષ્ટ્રપતિની મંજૂરી મેળવનાર ગુજરાત બીજું રાજ્ય બન્યું. સંહિતામાં લગ્ન, છૂટાછેડા, વારસો અને લિવઇન સંબંધો માટે ધર્મથી પર સમાન કાનૂની જોગવાઈઓ રાખવામાં આવી છે. લગ્ન અને લિવઇન સંબંધોની નોંધણી ફરજિયાત બનાવવાની જોગવાઈ છે. અનુસૂચિત જનજાતિને સંહિતાના અમલમાંથી મુક્તિ આપવામાં આવી છે. રાજ્ય સરકાર નિયમો જાહેર કર્યા બાદ કાયદો અમલમાં મૂકશે. આઝાદી પછી નવો વ્યાપક UCC કાયદો બનાવવાની પ્રક્રિયામાં ઉત્તરાખંડ બાદ ગુજરાતને રાષ્ટ્રપતિની મંજૂરી મળી છે.

અનાક ક્રાકાટાઉ પાસે બે નવા ટાપુઓ બન્યા

ઇન્ડોનેશિયાના અનાક ક્રાકાટાઉ જ્વાળામુખી પાસે સપ્ટેમ્બર 2026માં થયેલા લગભગ 25 કલાક લાંબા સતત વિસ્ફોટ બાદ બે નવા ટાપુઓ જેવાં ભૂખંડો દેખાયા. બંને ટાપુઓ સુન્ડા સ્ટ્રેટમાં આવેલા છે, જે જાવા અને સુમાત્રા ટાપુઓને અલગ કરે છે. વૈજ્ઞાનિકો હજુ તપાસ કરી રહ્યા છે કે આ નવા ભૂ-આકારો નવા જ્વાળામુખી વિસ્ફોટના કેન્દ્રો છે કે વિસ્ફોટમાંથી બહાર આવેલા પદાર્થના સંચયથી બનેલા છે. સપ્ટેમ્બરના વિસ્ફોટથી અનાક ક્રાકાટાઉના જમીન વિસ્તારમાં પણ આશરે 32.8 હેક્ટરનો વધારો થયો હતો. આ નવા ભૂખંડો સમુદ્રી મોજાંના ભારે ધોવાણને કારણે સમય જતાં અદૃશ્ય પણ થઈ શકે છે.

બુક્સા ટાઇગર રિઝર્વમાં વાઘણનું પુનઃસ્થાપન

પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર જિલ્લામાં આવેલા બુક્સા ટાઇગર રિઝર્વમાં ત્રણ વર્ષની વાઘણ છોડવામાં આવી. તેને બિહારના વાલ્મીકિ ટાઇગર રિઝર્વમાંથી સ્થળાંતર કરીને લાવવામાં આવી. આશરે 150 કિલોગ્રામ વજન ધરાવતી આ રોયલ બેંગાલ વાઘણને T138 તરીકે ઓળખવામાં આવે છે અને GPS-સક્ષમ રેડિયો કોલરથી તેની હિલચાલ પર નજર રાખવામાં આવશે. આ પગલું બુક્સામાં વાઘોની સ્થાયી વસ્તી ફરી સ્થાપિત કરવાના પુનઃસ્થાપન કાર્યક્રમનો ભાગ છે. બુક્સાને 1983માં ટાઇગર રિઝર્વ જાહેર કરવામાં આવ્યું હતું. વર્ષના અંત સુધીમાં વધુ ત્રણ વાઘ લાવવાની યોજના છે. આ પ્રોજેક્ટનો હેતુ બક્સામાં સ્વનિર્ભર અને પ્રજનનક્ષમ વાઘોની વસ્તી પુનઃસ્થાપિત કરવાનો છે.

04/10/2026

જવાહર દ્વીપ: દેશનું પ્રથમ પ્લાસ્ટિક-ફ્રી ઓઇલ ટર્મિનલ

મુંબઈ પોર્ટ ઓથોરિટી સંચાલિત જવાહર દ્વીપ મરીન ઓઇલ ટર્મિનલને ભારતનું પ્રથમ પ્લાસ્ટિકમુક્ત ઓઇલ ટર્મિનલ જાહેર કરવામાં આવ્યું. આ જાહેરાત ગાંધી જયંતી નિમિત્તે યોજાયેલા સ્વચ્છતા અભિયાન 2026 દરમિયાન કરવામાં આવી. આ પહેલ મુંબઈ પોર્ટની કામગીરીમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક ઘટાડવા અને અસરકારક કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાના પ્રયાસોનો ભાગ છે. કેન્દ્રીય બંદરો, જહાજરાની અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે ઓઇલ સ્પિલ રિસ્પોન્સ (OSR) સુવિધાઓ રાષ્ટ્રને સમર્પિત કરી. જવાહર દ્વીપ મુંબઈ હાર્બરમાં આવેલું ઓફશોર ઓઇલ ટર્મિનલ છે, જે ક્રૂડ ઓઇલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના સંચાલન માટે મહત્વપૂર્ણ છે.

પ્રણવી: ગોલ્ફનો ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા

મૈસૂરની 23 વર્ષીય પ્રણવી ઉર્સે જાપાનના આઇચી–નાગોયા એશિયન ગેમ્સમાં મહિલા વ્યક્તિગત ગોલ્ફ સ્પર્ધામાં ગોલ્ડ જીતી ઇતિહાસ રચ્યો. તે એશિયન ગેમ્સમાં વ્યક્તિગત ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ગોલ્ફર બની. પ્રણવીની ગોલ્ડ મેડલ જીત સાથે ભારતે મહિલા ટીમ ગોલ્ફમાં પણ સિલ્વર મેડલ જીત્યો. વર્ષ 2002માં શિવ કપૂરના વિજય પછી ભારતને એશિયન ગેમ્સના વ્યક્તિગત ગોલ્ફમાં 24 વર્ષ બાદ ગોલ્ડ મેડલ મળ્યો. પ્રણવી ઉર્સના આ શાનદાર વ્યક્તિગત પ્રદર્શનની મદદથી ભારતીય મહિલા ગોલ્ફ ટીમે દેશને સિલ્વર મેડલ પણ અપાવ્યો છે. એશિયન ગેમ્સને એશિયાડ તરીકે પણ ઓળખવામાં આવે છે.

Crack GPSC

લદ્દાખનાં 28 સ્થળોનાં નામોનું માનકીકરણ

કેન્દ્રએ લદ્દાખનાં 28 સ્થળો અને ભૌગોલિક વિશેષતાઓનાં નામોનું માનકીકરણ કર્યું છે. આ નામોને સર્વે ઑફ ઇન્ડિયાના સત્તાવાર નકશામાં સામેલ કરવામાં આવ્યાં છે. તેનો હેતુ આ સ્થળોની ચોક્કસ અને એકરૂપ ઓળખ સુનિશ્ચિત કરવાનો તથા લોકોમાં તેમના ભૌગોલિક મહત્ત્વ અંગે જાગૃતિ વધારવાનો છે. યાદીમાં શિખરો, પર્વતો, પર્વતીય ઘાટ, હિમનદીઓ, ખીણો, નદીઓ, સરોવરો અને ભૂવિસ્તારોનો સમાવેશ થાય છે. અતિશ ગિરિ, કનિષ્ક પીક, માર્તંડ ગિરિ અને ઝોરાવર પીક જેવાં શિખરો ઉપરાંત વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ગોગરા અને હોટ સ્પ્રિંગ પણ સામેલ છે. આ પ્રક્રિયાથી સત્તાવાર નકશાઓ અને વહીવટી દસ્તાવેજોમાં સ્થળોનાં નામોની એકરૂપતા જળવાશે.

WASHને સમર્પિત ભારતનો પ્રથમ સોશિયલ બોન્ડ

નાબાર્ડની સહાયક કંપની NABKISAN ફાઇનાન્સ લિ.એ પાણી, સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્વચ્છતા આદતો માટે સમર્પિત ભારતના પ્રથમ WASH સોશિયલ બોન્ડ દ્વારા ₹180 કરોડ એકત્ર કર્યા. WASHનું પૂરું નામ Water, Sanitation and Hygiene છે. બોન્ડમાંથી મળેલી રકમનો ઉપયોગ ખાસ કરીને ગ્રામીણ અને વંચિત વિસ્તારોમાં સુરક્ષિત પાણી, સ્વચ્છતા અને હાઇજીન સુવિધાઓ વધારવા માટે કરવામાં આવશે. આ બોન્ડ 1 ઑક્ટોબર, 2026ના રોજ નેશનલ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થયો. બોન્ડને CRISIL AAA (Stable) અને CARE AAA (Stable) રેટિંગ મળ્યું. પાંચ વર્ષના બોન્ડનો કૂપન દર 8.10% છે. આ બોન્ડ સપ્ટેમ્બર 2031માં પાકશે.

પાંચ શાસ્ત્રીય ભાષાઓ માટે નવાં ઉત્કૃષ્ટતા કેન્દ્રો

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે અસમિયા, બંગાળી, મરાઠી, પાલિ અને પ્રાકૃત ભાષાઓ માટે પાંચ ઉત્કૃષ્ટતા કેન્દ્રો સ્થાપવાની મંજૂરી આપી. અસમિયા માટે આસામની તેજપુર યુનિવર્સિટી, બંગાળી માટે પશ્ચિમ બંગાળની વિશ્વભારતી યુનિવર્સિટી, મરાઠી માટે પુણેની ડેક્કન કૉલેજ અને પાલિ માટે ઓડિશાની કેન્દ્રીય યુનિવર્સિટી પસંદ કરવામાં આવી છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ ભાષાઓના સંશોધન, સંરક્ષણ, ડિજિટાઇઝેશન અને વ્યાપક પ્રસારને પ્રોત્સાહન આપવાનો છે. પ્રાકૃત માટેનું કેન્દ્ર ગુજરાતની કેન્દ્રીય યુનિવર્સિટીમાં સ્થપાશે. પાંચેય ભાષાઓને ઑક્ટોબર 2024માં શાસ્ત્રીય ભાષાનો દરજ્જો અપાયો હતો. પરિણામે ભારતમાં શાસ્ત્રીય ભાષાઓની કુલ સંખ્યા 11 થઈ.

ગ્રેટઇન્ડિયન બસ્ટર્ડનું કુદરતી આવાસમાં પુનઃસ્થાપન

રાજસ્થાનના જેસલમેરમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ (ઘોરાડ)ના સંરક્ષણ માટે ઐતિહાસિક પહેલ હાથ ધરાઈ છે. સંવર્ધન કેન્દ્રોમાં ઉછેરાયેલાં પક્ષીઓને પ્રથમ વખત કુદરતી આવાસમાં પુનઃસ્થાપિત કરવાની તૈયારી કરાઈ. 'પ્રોજેક્ટ GIB' હેઠળ ડેઝર્ટ નેશનલ પાર્કના સુરક્ષિત વિસ્તારોમાં પ્રાયોગિક મુક્તિથી રીવાઇલ્ડિંગ તબક્કો શરૂ થશે. પક્ષીઓની હિલચાલ અને વર્તન જાણવા રેડિયો ટૅગ લગાવવામાં આવશે. જેથી તેમના હલનચલન, રહેઠાણનો ઉપયોગ અને જંગલમાં જીવિત રહેવાની ક્ષમતાનું વૈજ્ઞાનિક નિરીક્ષણ થઇ શકે. આ પ્રજાતિ અતિસંકટગ્રસ્ત છે અને જંગલમાં તેની સંખ્યા આશરે 140 રહી છે. આવાસનો નાશ, શિકાર અને વીજતારો સાથે અથડામણ તેનાં મુખ્ય જોખમ છે.

05/10/2026

SpaceXનું Starship પ્રથમ વખત પૃથ્વીની કક્ષામાં

SpaceXના વિશાળ Starship રોકેટે પ્રથમ વખત પૃથ્વીની કક્ષામાં સફળતાપૂર્વક પ્રવેશ કર્યો છે. ટેક્સાસના સ્ટારબેઝ પરથી થયેલી આ તેની 14મી ટેસ્ટ ફ્લાઇટ હતી. ઉડાન દરમિયાન એક એન્જિનમાં ખામી સર્જાઈ હતી, છતાં SpaceXએ મિશન આગળ વધાર્યું. Starship આશરે 275 કિમી ઊંચાઈએ પહોંચ્યું અને 26 નવી પેઢીના સ્ટારલિંક સેટેલાઇટ્સ કક્ષામાં મૂક્યા. શરૂઆતમાં છ વખત પૃથ્વીની પરિક્રમા કરવાની યોજના હતી, પરંતુ મિશન લગભગ ત્રણ કલાકમાં જ પૂર્ણ કરવામાં આવ્યું. અંતે સ્ટારશિપે પેસિફિક મહાસાગરમાં પુનઃપ્રવેશ કર્યો.

Crack GPSC

ભદોહીનું નવું નામ ‘સંત રવિદાસ નગર ભદોહી’

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભદોહી જિલ્લાનું નામ ‘સંત રવિદાસ નગર ભદોહી’ કરવાની જાહેરાત કરી. સંત રવિદાસના સન્માનમાં આ નામકરણ કરવામાં આવ્યું છે. ‘કાર્પેટ સિટી’ તરીકે ઓળખાતું આ સ્થળ હાથથી ગાંઠ બાંધીને બનાવવામાં આવતા ગાલીચા માટે વિશ્વપ્રસિદ્ધ છે. અહીંનો ગાલીચા ઉદ્યોગ ભારતની નિકાસ તથા સ્થાનિક રોજગારીમાં મહત્વનું યોગદાન આપે છે. નવા નામમાં સંત રવિદાસ સાથેની સાંસ્કૃતિક ઓળખ અને ભદોહીની પરંપરાગત ઓળખ બંને જાળવવામાં આવી છે. સંત રવિદાસનું જન્મસ્થળ વારાણસીનું સીર ગોવર્ધનપુર છે. ભદોહી અગાઉ વારાણસી જિલ્લાનો ભાગ હતું. 1994માં તેને અલગ જિલ્લો બનાવવામાં આવ્યો હતો.

વર્લ્ડ હેરિટેજ ધોળાવીરાને મળ્યો કેટેગરી-A દરજ્જો

કચ્છના ખડિરબેટમાં આવેલું પ્રાચીન હડપ્પીય નગર ધોળાવીરા દેશનાં અતિ મહત્વનાં રાષ્ટ્રીય સ્મારકોની ‘કેટેગરી-A’ શ્રેણીમાં સામેલ થયું. તેને 2021માં UNESCOની વિશ્વ ધરોહર યાદીમાં સ્થાન મળ્યું હતું. કેન્દ્ર સરકારે પ્રાચીન સ્મારકોના સંરક્ષણ માટેના 1959ના નિયમોમાં સુધારા કરીને 2026ના નવા નિયમો અંતર્ગત દેશનાં ટોચનાં 30 સ્મારકોને કેટેગરી-Aમાં અને 136ને કેટેગરી-Bમાં સ્થાન આપ્યું. આ સાથે સુયોજિત નગરરચના, જળાશયો તથા જળવ્યવસ્થાપન માટે જાણીતું ધોળાવીરા હવે તાજમહેલ, લાલ કિલ્લો અને હમ્પી જેવાં દેશનાં અગ્રણી સ્મારકોની શ્રેણીમાં આવ્યું. ગુજરાતમાંથી ધોળાવીરા, ચાંપાનેર-પાવાગઢ અને રાણી-કી-વાવનો કેટેગરી-Aમાં સમાવેશ થયો છે.

ISA: ખેડૂતોને પોતાના ખેતરના CEO બનાવશે

આંધ્ર પ્રદેશના મદનપલ્લે ખાતે ઇન્ડિયન સ્કૂલ ઑફ એગ્રીકલ્ચર (ISA)નો શિલાન્યાસ કરવામાં આવ્યો. કાર્યક્રમમાં અનંત અંબાણીએ જણાવ્યું કે આ સંસ્થા ખેડૂતોને પોતાના ખેતરના CEO બનવા સક્ષમ બનાવશે. તેમણે AI, ડ્રોન, રોબોટિક્સ અને બજારભાવની માહિતી દ્વારા ખેતી વધુ નફાકારક બનાવવાનું વિઝન રજૂ કર્યું. આ ટેક્નોલોજી પાકના સ્વાસ્થ્યનું નિરીક્ષણ, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ અને વેચાણના નિર્ણયોમાં મદદરૂપ થશે. જિયો ગામડાંમાં વર્ચ્યુઅલ ક્લાસિસ દ્વારા સ્થાનિક ભાષાઓમાં તાલીમ પહોંચાડવાની યોજના પણ ધરાવે છે અને આ સંસ્થા સાથે રોકાણ, ડિજિટલ ક્ષમતા, ટેક્નિકલ કુશળતા અને ઉદ્યોગ ક્ષેત્રે ભાગીદારી કરશે.

GSTNની નવી મલ્ટિ-સ્ટેટ રજિસ્ટ્રેશન સુવિધા

ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ નેટવર્ક-GSTN દ્વારા ઓક્ટોબર 2026થી GST કોમન પોર્ટલ પર ‘મલ્ટીસ્ટેટ રજિસ્ટ્રેશન’ સુવિધા શરૂ કરવામાં આવી. જેથી એક જ PAN હેઠળ એકસાથે અનેક રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં GST રજિસ્ટ્રેશનની અરજી કરી શકાશે. જોકે હાલમાં તેનો ઉપયોગ માત્ર સામાન્ય કરદાતાઓ કરી શકે છે. GST પોર્ટલ પર જરૂરી રાજ્યો પસંદ કરતાં માસ્ટર TRN મળે છે, જેના દ્વારા વ્યવસાય અને અધિકૃત હસ્તાક્ષરકર્તા સહિતની સામાન્ય વિગતો એકવાર ભરવાની રહે છે. GSTNની સ્થાપના 28 માર્ચ, 2013ના રોજ કરવામાં આવી હતી. તે કેન્દ્ર સરકારનો 50% અને રાજ્ય સરકાર/કેન્દ્રશાસિત પ્રદેશોનો સંયુક્ત 50% હિસ્સો ધરાવતી સંપૂર્ણ સરકારી કંપની છે.

એશિયન ગેમ્સમાં ભારતીય તીરંદાજોને નવ પદક

2026 એશિયન ગેમ્સમાં ભારતીય તીરંદાજોએ શાનદાર પ્રદર્શન કરીને કુલ 9 મેડલ—5 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝ જીત્યા. આ સાથે આર્ચરી ભારત માટે ગેમ્સમાં સૌથી સફળ રમતોમાંની એક બની. મહારાષ્ટ્રના અમરાવતીની 17 વર્ષીય કુમકુમ મોહોડ આ અભિયાનની સૌથી મોટી સ્ટાર રહી. કુમકુમ એશિયન ગેમ્સમાં વ્યક્તિગત રિકર્વ ગોલ્ડ જીતનારી પ્રથમ ભારતીય મહિલા તીરંદાજ બની. તેણે વ્યક્તિગત રિકર્વ ગોલ્ડ, મહિલા ટીમ ગોલ્ડ અને મિક્સ્ડ ટીમ સિલ્વર સાથે કુલ 3 મેડલ જીત્યા. પુરુષોની રિકર્વ સ્પર્ધામાં નીરજ ચૌહાણે બ્રોન્ઝ જીત્યો, જ્યારે સાહિલ જાધવે કમ્પાઉન્ડ અને મિક્સ્ડ ટીમમાં ગોલ્ડ સહિત શાનદાર પ્રદર્શન કર્યું.

Crack GPSC

06/10/2026

ત્રણ વૈજ્ઞાનિકોને નોબેલ મેડિસિન પુરસ્કાર

વર્ષ 2026નો નોબેલ મેડિસિન પુરસ્કાર કાર્લ ડાઇસરોથ, પીટર હેગેમાન અને જ્યોર્ગ નાગેલને આપવાની જાહેરાત થઈ. તેમને પ્રકાશથી નિયંત્રિત આયન ચેનલો અને ઑપ્ટોજેનેટિક્સ સંબંધિત શોધો માટે સન્માનિત કરાશે. હેગેમાન અને નાગેલે પ્રકાશસંવેદનશીલ પ્રોટીન 'ચેનલરોડોપ્સિન' શોધ્યું. ડાઇસરોથે તેનો ઉપયોગ ચેતાકોષોની પ્રવૃત્તિ પ્રકાશથી નિયંત્રિત કરવા માટે કર્યો. આ પદ્ધતિથી મગજના ચેતાકોષો સ્મૃતિ, લાગણીઓ અને વર્તનને કેવી રીતે અસર કરે છે તે સમજવું શક્ય બન્યું છે. આ ઑપ્ટોજેનેટિક્સે મગજ અને ચેતાતંત્રના સંશોધનને નવી દિશા આપી છે. નોબેલ પુરસ્કારોની જાહેરાત સામાન્ય રીતે ઑક્ટોબરમાં અને પુરસ્કાર સમારોહ ડિસેમ્બરમાં થાય છે.

દિલ્હીમાં ભારતનો પ્રથમ પ્રીમિયર લિગ પાર્ક

ઇંગ્લિશ પ્રીમિયર લીગે નવી દિલ્હીના છતરપુરમાં ભારતમાં પોતાના પ્રકારનું પ્રથમ 'પ્રીમિયર લીગ પાર્ક' શરૂ કર્યું. આ કેન્દ્રનો હેતુ ફૂટબોલપ્રેમીઓને રમત જોવા, રમવા અને તેનો અનુભવ મેળવવાની તક આપવાનો છે. અહીં બે ફૂટબોલ મેદાનો, કાર્યક્રમો માટે અલગ વિસ્તાર અને પિકલબોલ તથા પેડલ કોર્ટ બનાવવામાં આવ્યા છે. આ સ્થળના વિકાસ અને સંચાલનનું કાર્ય ગોલટેક ઇનોવેશન ઇન્ડિયાએ 'Claygrounds' બ્રાન્ડ હેઠળ કર્યું છે. પ્રીમિયર લીગ ઇંગ્લેન્ડની સૌથી મોટી અને વિશ્વની સૌથી લોકપ્રિય ફૂટબોલ લીગ્સમાંથી એક છે. તેની અંતર્ગત દર સિઝનમાં 20 ક્લબ્સ અંદરોઅંદર મેચ રમે છે. તેનું ભારત સાથે જોડાણ લગભગ બે દાયકાથી છે.

અમદાવાદ મેરેથોનનો વૈશ્વિક કેલેન્ડરમાં સમાવેશ

અદાણી અમદાવાદ મેરેથોનનો વર્લ્ડ એથ્લેટિક્સના ગ્લોબલ કેલેન્ડરમાં સમાવેશ થયો છે. તેની 10મી આવૃત્તિ 29 નવેમ્બર, 2026ના રોજ અમદાવાદમાં યોજાશે. આ સાથે જ અમદાવાદ આંતરરાષ્ટ્રીય રોડ-રેસિંગના નકશા પર સ્થાન પામ્યું છે અને મેરેથોનમાં નોંધાયેલ પ્રદર્શનને વર્લ્ડ એથ્લેટિક્સ રેન્કિંગ માટે ધ્યાનમાં લેવામાં આવી શકશે. વૈશ્વિક સ્તરે પોતાનું પ્રદર્શન દર્શાવવા માગતા દોડવીરો માટે આ મહત્ત્વની તક છે. મેરેથોનને મળેલી આ ઓળખ ગુજરાતના રમતગમત ક્ષેત્ર માટે નોંધપાત્ર સિદ્ધિ છે. વર્લ્ડ એથ્લેટિક્સની સ્થાપના 1912માં સ્વિડનના સ્ટોકહોમમાં ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશન તરીકે થઇ હતી. તેનું મુખ્યાલય મોનાકોમાં છે

લાહોરી ગેટ હવેલી બનશે હેરિટેજ સેન્ટર

દિલ્હી મહાનગરપાલિકાએ જૂની દિલ્હીની લાહોરી ગેટ હવેલીને 'શાહજહાનાબાદ મ્યુઝિયમ અને ઇન્ટરપ્રિટેશન સેન્ટર'માં પરિવર્તિત કરવાની યોજનાને મંજૂરી આપી છે. ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર (IGNCA)ના સહયોગથી આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવશે. ખારી બાવલીના વાસુદેવ કેપ્ટન ચોક ખાતે આવેલી આ ખાનગી હવેલીનું નિર્માણ 1929માં થયું હતું. પ્રસ્તાવિત મ્યુઝિયમમાં કલાકૃતિઓ, હસ્તકલાઓ, ડિજિટલ માહિતી, વર્ણનાત્મક પેનલ અને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોથી શાહજહાનાબાદનો ઇતિહાસ રજૂ કરાશે. મુઘલ સમ્રાટ શાહજહાંએ 17મી સદીમાં સ્થાપેલું શાહજહાનાબાદ આજની જૂની દિલ્હી તરીકે ઓળખાય છે.

રેસ્ટ ઓફ ઇન્ડિયાએ ઈરાની કપ જીત્યો

રેસ્ટ ઑફ ઇન્ડિયાએ શ્રીનગરના શેર-એ-કાશ્મીર સ્ટેડિયમ ખાતે રણજી ટ્રોફી વિજેતા જમ્મુ-કાશ્મીરને 167 રને હરાવી ઇરાની કપ 2026 જીત્યો. ઈરાની કપ (Irani Cup) ભારતની પ્રતિષ્ઠિત ડોમેસ્ટિક ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ સ્પર્ધા છે. તેમાં સામાન્ય રીતે પાછલી સીઝનની રણજી ટ્રોફી વિજેતા ટીમ અને Rest of India-ROI (અન્ય વિવિધ રાજ્યો/ડોમેસ્ટિક ટીમોના પસંદગીના ખેલાડીઓથી બનેલી ટીમ) વચ્ચે પાંચ દિવસીય મેચ રમાય છે. આ મેચ 1959-60માં રણજી ટ્રોફીની 25મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે શરૂ કરવામાં આવી હતી. ટ્રોફીનું નામ ઝાલ આર. ઈરાનીના નામ પરથી રાખવામાં આવ્યું હતું. તેઓ BCCI સાથે લાંબા સમય સુધી જોડાયેલા હતા.

CrackGPSC

મેક્સ વર્સ્ટાપેને બહેરીન ગ્રાં પ્રિ 2026 જીતી

રેડ બુલના નેધરલેન્ડ્સના ડ્રાઇવર મેક્સ વર્સ્ટાપેને મલેશિયાના સેપાંગ ઇન્ટરનેશનલ સર્કિટ ખાતે યોજાયેલી બહેરીન ગ્રાં પ્રિ જીતીને 2026ની ફોર્મ્યુલા વન સીઝનમાં પોતાની પ્રથમ જીત નોંધાવી. વરસાદથી પ્રભાવિત આ રેસમાં બદલાતી ટ્રેકની સ્થિતિ અને અંતિમ તબક્કામાં સેફ્ટી કારના આગમન છતાં તેમણે સરસાઇ જાળવી રાખી હતી. મર્સિડીઝના કિમી એન્ટોનેલી બીજા સ્થાને અને ફેરારીના લુઇસ હેમિલ્ટન ત્રીજા સ્થાને રહ્યા. આ રેડ બુલની પણ સીઝનની પ્રથમ જીત હતી અને રેડ બુલ ફોર્ડ પાવરટ્રેન્સ માટે પ્રથમ વિજય બન્યો હતો. બહેરીન ગ્રાં પ્રિ F1 વર્લ્ડ ચેમ્પિયનશિપની એક મહત્ત્વપૂર્ણ રેસ છે. જે અહીં ફ્લડલાઇટ્સ હેઠળ રાત્રે યોજાય છે.

07/10/2026

ફ્રાન્સિસ હેલ્ઝનને ભૌતિકશાસ્ત્રનો નોબેલ

બેલ્જિયમમાં જન્મેલ ફ્રાન્સિસ હેલ્ઝનને IceCube Neutrino Observatoryમાં નિર્ણાયક યોગદાન અને ખગોળીય મૂળના ઉચ્ચ ઊર્જાવાળા ન્યુટ્રિનોની શોધ માટે ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર 2026 આપવામાં આવશે. IceCube ઓબ્ઝર્વેટરી એ એન્ટાર્કટિકાના દક્ષિણ ધ્રુવ ખાતે આવેલ વિશાળ ન્યુટ્રિનો ડિટેક્ટર છે. તે બ્રહ્માંડમાંથી આવતા ન્યુટ્રિનોનો અભ્યાસ કરે છે. હેલ્ઝને 1980ના દાયકાથી દક્ષિણ ધ્રુવ પર ન્યુટ્રિનો શોધવાની સંભાવના પર સંશોધન શરૂ કર્યું હતું. તેમના વૈજ્ઞાનિક નેતૃત્વ હેઠળ આ ઓબ્ઝર્વેટરી વિકસાવવામાં આવી. Ghost Particle તરીકે ઓળખાતા ન્યુટ્રિનો અત્યંત ઓછા દળ ધરાવતા વિદ્યુતભાર વિનાના ઉપપરમાણુ કણો છે.

હરમનપ્રીત કૌરે તમામ ફોર્મેટની કેપ્ટનશિપ છોડી

હરમનપ્રીત કૌરે ભારતીય મહિલા ક્રિકેટ ટીમનાં ટેસ્ટ, વનડે અને T20 આંતરરાષ્ટ્રીય એમ ત્રણેય ફોર્મેટનાં કેપ્ટનશિપમાંથી પદ છોડવાની જાહેરાત કરી. તેઓ ખેલાડી તરીકે ભારતનું પ્રતિનિધિત્વ ચાલુ રાખશે. તે ભારતીય મહિલા ક્રિકેટની પ્રથમ T20I સદી ફટકારનાર ખેલાડી છે. તેમના નેતૃત્વમાં ભારતે 2025માં પ્રથમ મહિલા વનડે વિશ્વકપ જીત્યો હતો તથા એશિયન ગેમ્સ 2026માં મહિલા T20 ક્રિકેટમાં સતત બીજી વખત ગોલ્ડ મેડલ પણ જીત્યો. તેમણે કુલ 5 ટેસ્ટ, 51 વનડે અને 155 T20I મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું. ઓસ્ટ્રેલિયા સામેની T20માં 356મી આંતરરાષ્ટ્રીય મેચ રમી તેઓ મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સર્વાધિક મેચ રમનાર ખેલાડી બન્યાં.

બેંક ઓફ બરોડાનો પેન્શન ફંડ ક્ષેત્રમાં પ્રવેશ

પેન્શન ફંડ રેગ્યુલેટરી/ડેવલપમેન્ટ ઑથોરિટી (PFRDA)એ બેંક ઑફ બરોડાને પેન્શન ફંડના સ્પોન્સર તરીકે નિમણૂકનું પ્રમાણપત્ર (બેંકના MD-CEO દેબદત્ત ચંદને) આપ્યું. આ સાથે તે SBI બાદ પેન્શન ફંડ ક્ષેત્રમાં પ્રવેશનાર ભારતની બીજી PSB બની. આ નિમણૂક PFRDA એક્ટ, 2013 હેઠળ પેન્શન ફંડને સ્પોન્સર કરવાની મંજૂરી આપે છે. PFRDA ભારતમાં નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) અને પેન્શન વ્યવસ્થાનું નિયમન કરે છે. BOBની સ્થાપના 1908માં વડોદરામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ IIIએ કરી હતી, જેનું 1969માં રાષ્ટ્રીયકરણ થયું હતું. તેનું મુખ્યાલય વડોદરામાં છે. એપ્રિલ 2019થી વિજયા બેંક અને દેના બેંકનું BOBમાં વિલીનીકરણ થયું.

કુમકુમ અને સુજીતને IOA દ્વારા પુરસ્કાર

ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA)એ આઇચી–નાગોયા એશિયન ગેમ્સ 2026માં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ તીરંદાજ કુમકુમ મોહોડને જસપાલ રાણા પુરસ્કાર અને કુસ્તીબાજ સુજીત કલકલને રાજા રણધીર સિંહ પુરસ્કારનાં પ્રથમ વિજેતા જાહેર કર્યાં. સંઘે આ બંને એવોર્ડ એશિયન ગેમ્સના શ્રેષ્ઠ મહિલા અને પુરુષ ખેલાડીઓને સન્માનિત કરવા માટે શરૂ કર્યા. 17 વર્ષીય કુમકુમે પોતાની પ્રથમ એશિયન ગેમ્સમાં બે સુવર્ણ સહિત ત્રણ પદક જીત્યા, જ્યારે 23 વર્ષીય સુજીતે પુરુષોની 65 કિગ્રા ફ્રીસ્ટાઇલ કુસ્તીમાં સુવર્ણ પદક મેળવ્યો. IOAની સ્થાપના 1927માં થઇ હતી, તેનું મુખ્યાલય નવી દિલ્હીમાં છે. તેના પ્રથમ અધ્યક્ષ સર દોરાબજી ટાટા હતા. IOAનાં વર્તમાન અધ્યક્ષ પી. ટી. ઉષા છે.

CrackGPSC

મૃત તારાની પાસે પુનર્જન્મ પામેલો ગ્રહ મળ્યો

બ્રિટનની યુનિવર્સિટી ઑફ વૉરવિકના સંશોધકોએ HS 0209+0832 નામના શ્વેત વામન (White Dwarf) તારાની આસપાસ બીજી પેઢીના સંભવિત ગ્રહના પુરાવા શોધ્યા છે. આ ગ્રહ તારાના જન્મ સમયે નહીં, પરંતુ તેના અંતિમ તબક્કામાં બહાર ફેંકાયેલા પદાર્થમાંથી બન્યો હોવાનું જાણવા મળેલ છે. શ્વેત વામન આસપાસ આ પ્રકારના ગ્રહનો આ પ્રથમ ઉમેદવાર છે. જોકે હાલ તેને સંભવિત ગ્રહ (planet candidate) તરીકે રજૂ કરાયો છે. હબલ સ્પેસ ટેલિસ્કોપનાં જૂનાં અવલોકનોમાં નિયોબિયમ તત્ત્વની અસામાન્ય માત્રા આ શોધની મુખ્ય કડી બની. શ્વેત વામન એટલે પરમાણુ ઇંધણ ખૂટી ગયા બાદ સૂર્ય જેવા તારાનો બાકી રહેલો ગાઢ કેન્દ્રભાગ.

કૂનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં 5 ચિત્તા બચ્ચાંનો જન્મ

મધ્ય પ્રદેશના કૂનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં ભારતમાં જન્મેલી માદા ચિત્તા KJP21એ પાંચ બચ્ચાંને જન્મ આપ્યો છે, જે મુખી અને KJP12 બાદ ભારતમાં જન્મેલ ત્રીજી માદા ચિત્તા છે. બચ્ચાંનો પિતા બોત્સવાનાથી લાવવામાં આવેલો નર ચિત્તો છે. આ સાથે ભારતમાં પ્રથમ વખત બોત્સવાના વંશાવલી ધરાવતાં ચિત્તા બચ્ચાંનો જન્મ નોંધાયો. હવે દેશમાં ચિત્તાઓની કુલ સંખ્યા 60 થઈ છે, જેમાંથી 41નો જન્મ ભારતમાં થયો છે. ચિત્તાઓને દેશમાં ફરી વસાવવા માટેના 'પ્રોજેક્ટ ચિત્તા' માટે આ મહત્ત્વપૂર્ણ પ્રજનન સિદ્ધિ છે. આ ઘટનાથી ચિત્તાની નવી વંશાવલીનો ઉમેરો થયો છે. આ જન્મ ભારતમાં ચિત્તા સંરક્ષણ અને તેમની વસ્તી વધારવાના પ્રયાસોમાં વધુ એક નોંધપાત્ર પગલું છે.

08/10/2026

ઓડિશામાં દેશનું પ્રથમ MICE પ્રોત્સાહન પોર્ટલ

ઓડિશાનાં ઉપમુખ્યમંત્રી અને પ્રવાસન મંત્રી પ્રવતી પરિડાએ ભુવનેશ્વરમાં સાતમા ઓડિશા ટ્રાવેલ બજાર દરમિયાન દેશનું પ્રથમ સમર્પિત MICE (Meetings, Incentives, Conferences and Exhibitions) Incentive Portal શરૂ કર્યું. આ પોર્ટલ કાર્યક્રમ આયોજકો અને પ્રવાસન સંચાલકોને નાણાકીય પ્રોત્સાહન માટે ઑનલાઇન અરજી કરવાની સુવિધા આપે છે. તેનો હેતુ રાજ્યમાં કોર્પોરેટ સંમેલનો, વ્યાવસાયિક પ્રવાસન અને રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. ઓડિશા પ્રવાસન સુધારા નીતિ, 2026 હેઠળ ભુવનેશ્વર–કટક–પુરી–પારાદીપ વિસ્તારને MICE પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવાનું લક્ષ્ય છે.

AI માટેની તૈયારીમાં ભારત ટોચનાં 10 બજારોમાં

વિશ્વ બેંકના 'India and Artificial Intelligence: Seizing the Development Opportunity' અહેવાલ અનુસાર, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અપનાવવાની તૈયારીમાં ભારત ટોચનાં 10 ઊભરતાં બજારોમાં સામેલ છે. ભારતમાં AI ક્ષેત્રે ખાનગી રોકાણ ત્રણ ગણાથી વધુ વધ્યું. વિશાળ ટેકનિકલ વર્કફોર્સ, વૈશ્વિક IT ક્ષેત્ર સાથેનું જોડાણ અને ડિજિટલ જાહેર માળખું ભારતની મુખ્ય શક્તિઓ છે. આ અહેવાલમાં AIના લાભો વ્યાપક બનાવવા માટે માળખાકીય સુવિધાઓ, કર્મચારીઓનાં કૌશલ્યો અને સ્પષ્ટ નિયમન વ્યવસ્થા મજબૂત કરવાની જરૂર દર્શાવાયેલ છે. વિશ્વ બેંકે AIને માત્ર ટેકનોલોજી તરીકે નહીં, પરંતુ ડેવલપમેન્ટ ટૂલ તરીકે જોવાની જરૂરિયાત દર્શાવી.

સ્મૃતિ મંધાના ભારતીય મહિલા ક્રિકેટનાં કેપ્ટન

BCCIએ સ્મૃતિ મંધાનાને ભારતીય મહિલા ક્રિકેટ ટીમનાં નવાં કેપ્ટન તરીકે નિયુક્ત કર્યાં. હરમનપ્રીત કૌરે કેપ્ટનપદ છોડ્યા બાદ મંધાના ટેસ્ટ, વનડે અને T20—ત્રણેય ફોર્મેટમાં ફૂલ ટાઇમ વ્હાઇટ-બોલ કેપ્ટન રહેશે. અગાઉ ઉપકેપ્ટન રહેલાં મંધાનાએ 18 T20 આંતરરાષ્ટ્રીય અને 4 વનડે મેચમાં ભારતની કેપ્ટનશિપ કરી છે તથા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને બે વખત વિમેન્સ પ્રીમિયર લીગનું વિજેતાપદ અપાવ્યું છે. મુંબઈમાં જન્મેલ સ્મૃતિ મંધાના મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન અને સૌથી વધુ સદી નોંધાવનાર ખેલાડી પણ છે.

CrackGPSC

દાહોદમાં બે માથાં ધરાવતો દુર્લભ વુલ્ફ સ્નેક

ગુજરાતના દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આગાસવાણી ગામમાંથી આશરે 5–6 ઇંચ લાંબો, બે માથાં અને ચાર આંખો ધરાવતો બિનઝેરી વુલ્ફ સ્નેક મળી આવ્યો. પ્રકૃતિ મિત્ર મંડળે તેને સુરક્ષિત રીતે બચાવી વન વિભાગને સોંપ્યો. ગુજરાતમાં બે માથાંવાળા સાપનો આ પ્રથમ નોંધાયેલો કિસ્સો છે. આ દુર્લભ જન્મજાત સ્થિતિને બાઇસેફેલી (Bicephaly) કહે છે, જેમાં એક જ શરીર પર બે માથાં વિકસે છે. ભ્રૂણના વિકાસ દરમિયાન અધૂરું વિભાજન તેનું એક સંભવિત કારણ છે. બંને માથાંની અલગ પ્રતિક્રિયાઓને કારણે હલનચલન અને ખોરાક મેળવવામાં સંકલન મુશ્કેલ બની શકે છે, જેથી કુદરતી પર્યાવરણમાં જીવિત રહેવાના પડકારો વધે છે

2036 ઓલિમ્પિક્સ માટે ભારતની દાવેદારી

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)એ 2036ના ઓલિમ્પિક્સની યજમાની માટે ભારત અને કતાર સહિત સાત દેશોની દાવેદારીને પુષ્ટિ આપી છે. અન્ય દેશોમાં દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, જર્મની, હંગેરી અને તુર્કી સામેલ છે; કેટલાક દેશો 2040 અને 2044ની આવૃત્તિઓ માટે પણ ચર્ચા કરી રહ્યા છે. ભારતની 2036 ઓલિમ્પિક્સની બિડનું કેન્દ્ર અમદાવાદ છે. અમદાવાદ 2030માં કોમનવેલ્થ ગેમ્સનું પણ આયોજન કરશે. IOCનું લક્ષ્ય 2029માં તેના સભ્યોના મતદાન દ્વારા 2036ના યજમાનની પસંદગી કરવાનું છે. જો ભારતની બિડ સફળ થાય, તો ભારતમાં પ્રથમ વખત ઓલિમ્પિક ગેમ્સનું આયોજન થશે.

એકીકૃત પરિવહન માટે નવી ITLA ઓથોરિટી

કેન્દ્રીય મંત્રીમંડળે ઇન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ એન્ડ લોજિસ્ટિક ઓથોરિટી (ITLA)ની સ્થાપનાને મંજૂરી આપી. ITLA એક સ્પેશિયલ પર્પઝ વ્હિકલ (SPV) તરીકે કામ કરશે, જે દેશમાં પરિવહન અને લોજિસ્ટિક્સના સંકલિત આયોજન માટે સર્વોચ્ય સંસ્થા તરીકે કાર્ય કરશે અને રાષ્ટ્રીય પરિવહન માસ્ટર પ્લાન તૈયાર કરશે. તેમાં માર્ગો, રેલવે, બંદરો, નાગરિક ઉડ્ડયન, આંતરિક જળમાર્ગો, તટીય જહાજ પરિવહન અને શહેરી પરિવહનને આવરી લેવામાં આવશે. તે PM ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન અને રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિને પૂરક બનશે તથા પરિવહન કાર્યક્ષમતા વધારવા અને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવામાં મદદ કરશે.

09/10/2026

બ્રિટિશ લેખક જેફ્રી આર્ચરનું નિધન

બ્રિટનના જાણીતા બેસ્ટસેલિંગ લેખક અને પૂર્વ રાજકારણી જેફરી આર્ચરનું 86 વર્ષની વયે તેમના ઘરે અચાનક અને શાંતિપૂર્ણ રીતે નિધન થયું. આર્ચરનાં પુસ્તકોની વિશ્વભરમાં 30 કરોડથી વધુ નકલો વેચાઈ છે. તેમના મૃત્યુના એક દિવસ બાદ, 6 ઓક્ટોબરે તેમની અંતિમ નવલકથા Adam and Eve પ્રકાશિત થઈ. આ પુસ્તકને તેમણે પોતાની છેલ્લી નવલકથા તરીકે રજૂ કરી હતી. તે યુદ્ધકાલીન બ્રિટનમાં એક જ દિવસે જન્મેલા ભરવાડના પુત્ર અને શ્રીમંત પરિવારની પુત્રીની પ્રેમકથા તથા સામાજિક ભેદભાવને રજૂ કરે છે. જેમાં એડમ અને ઈવ કાલ્પનિક પાત્રો છે, પરંતુ યુદ્ધ અને ઐતિહાસિક ઘટનાઓ વાસ્તવિક છે.

માનસ રંજન પાઠક ગુજરાત HCના કાર્યકારી CJ

રાષ્ટ્રપતિએ ભારતીય બંધારણની કલમ 223 હેઠળ ન્યાયાધીશ માનસ રંજન પાઠકને ગુજરાત હાઇકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા. ન્યાયાધીશ સુનીતા અગ્રવાલની સુપ્રીમ કોર્ટમાં નિમણૂકને પગલે આ વ્યવસ્થા કરવામાં આવી છે. સુનીતા અગ્રવાલ ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો કાર્યભાર છોડે તે તારીખથી પાઠકની નિમણૂક અમલમાં આવશે. પાઠકે મુખ્યત્વે સિવિલ, બંધારણીય, જમીન સંપાદન અને સર્વિસ સંબંધિત કાયદાકીય બાબતોમાં પ્રેક્ટિસ કરી છે.

Crack GPSC

દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું નિધન

પ્રસિદ્ધ હિંદી અને મરાઠી અભિનેતા નાના પાટેકરનું ગોવામાં 75 વર્ષની વયે કાર્ડિયાક અરેસ્ટથી નિધન થયું. નાના પાટેકરનું મૂળ નામ વિશ્વનાથ પાટેકર હતું. તેમણે મરાઠી રંગભૂમિથી કારકિર્દીની શરૂઆત કરી અને ત્યારબાદ 1978ની ફિલ્મ ગમનથી હિંદી સિનેમામાં પ્રવેશ કર્યો હતો. પરિંદા, ક્રાંતિવીર, અબ તક 56, વેલકમ અને સલામ બોમ્બે! જેવી ફિલ્મો તેમની યાદગાર ફિલ્મો છે. અભિનય ઉપરાંત તેઓ દિગ્દર્શન અને સામાજિક કાર્ય સાથે પણ જોડાયેલા હતા. તેમને પદ્મશ્રી ઉપરાંત અનેક રાષ્ટ્રીય અને પ્રાદેશિક પુરસ્કારો મળ્યા હતા. 2015માં તેમણે નામ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી, જે મુખ્યત્વે મહારાષ્ટ્રના ખેડૂતો અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે કાર્ય કરે છે.

દેશનો પ્રથમ 3D પ્રિન્ટેડ ગ્રામીણ આવાસ પ્રોજેક્ટ

આંધ્રપ્રદેશના ગુંટુર જિલ્લામાં ભારતના પ્રથમ 3D Concrete Printing આધારિત ગ્રામીણ આવાસ પાયલોટ પ્રોજેક્ટનો પાયો નાખવામાં આવ્યો. આ પ્રોજેક્ટ PMAY-G 2.0 હેઠળ હાથ ધરવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટ હેઠળ 177 ઘરોનું નિર્માણ કરવામાં આવશે. તેનું બાંધકામ 3D Concrete Printing ટેક્નોલોજીથી કરવામાં આવશે. પ્રોજેક્ટનો હેતુ પરંપરાગત પદ્ધતિની તુલનામાં બાંધકામનો સમય, ખર્ચ અને શ્રમની જરૂરિયાત ઘટાડવાનો છે. 6 મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય ધરાવતો આ પ્રોજેક્ટ બુર્રીપાલેમ અને ઓબુલનાયુડુપાલેમ, ગુંટુર જિલ્લામાં અમલમાં આવશે. તેમાં 100 સામાન્ય ઘરો અને દિવ્યાંગજનો માટે 77 barrier-free ઘરોનો સમાવેશ થાય છે.

મેસ્સીની આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી વિદાય

આર્જેન્ટિનાના દિગ્ગજ ફૂટબોલર લિયોનેલ મેસ્સીએ બેનિન સામેની મૈત્રીપૂર્ણ મેચ સાથે પોતાની 21 વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દી પૂર્ણ કરી. બ્યુનોસ આયર્સના મોન્યુમેન્ટલ સ્ટેડિયમમાં આર્જેન્ટિનાએ વિજય મેળવ્યો. 39 વર્ષીય મેસ્સીએ વિદાય મેચમાં એક ગોલ કર્યો અને બે ગોલ માટે આસિસ્ટ આપ્યા. તેમણે આર્જેન્ટિના માટે કુલ 208 મેચમાં 126 ગોલ નોંધાવ્યા અને દેશના સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર તથા સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી તરીકે વિદાય લીધી. મેસ્સીના નેતૃત્વમાં આર્જેન્ટિનાએ 2022નો ફિફા વિશ્વકપ તથા 2021 અને 2024ના કોપા અમેરિકા ખિતાબ જીત્યા હતા. તેમની વિદાયે આર્જેન્ટિનાના ફૂટબોલના યાદગાર યુગને પૂર્ણ કર્યો.

પેટીએમ પેમેન્ટ્સ બેંક શિડ્યુલ્ડ બેંક્સમાંથી રદ

RBIએ પેટીએમ પેમેન્ટ્સ બેંક લિ.ને RBI એક્ટ, 1934ની બીજી અનુસૂચિમાંથી દૂર કરી. આ કાર્યવાહી માટેની અધિસૂચના 31 જુલાઈ, 2026ના રોજ ઇસ્યુ થઈ હતી. અગાઉ નિયમોના ઉલ્લંઘન અને થાપણદારોના હિતોને નુકસાનકારક કામગીરીને કારણે બેંકનું લાઇસન્સ રદ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દિલ્હી હાઈકોર્ટે બેંકના વિસર્જનનો આદેશ આપ્યો હતો. બીજી અનુસૂચિમાં સમાવિષ્ટ બેંકને 'અનુસૂચિત બેંક' કહેવામાં આવે છે. આ કાર્યવાહી ખાસ પેટીએમ પેમેન્ટ્સ બેંક સાથે સંબંધિત છે; તેનો અર્થ પેટીએમ એપની તમામ સેવાઓ બંધ થઈ ગઈ છે એવો થતો નથી.

10/10/2026

વીરાંગના દુર્ગાવતી રિઝર્વ ચિત્તાઓનું ત્રીજું આવાસ

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે સાગર જિલ્લામાં આવેલા વીરાંગના દુર્ગાવતી ટાઇગર રિઝર્વમાં બે ચિત્તાઓને છોડ્યા. કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી લાવવામાં આવેલા નર ચિત્તાનું નામ 'વ્યોમ' અને માદાનું નામ 'નીરા' રાખવામાં આવ્યું. તેમને શરૂઆતમાં અનુકૂલન માટેના વિશેષ વિસ્તારમાં છોડવામાં આવ્યા. કુનો રાષ્ટ્રીય ઉદ્યાન અને ગાંધીસાગર વન્યજીવ અભયારણ્ય પછી આ રિઝર્વ મધ્ય પ્રદેશમાં ચિત્તાઓનું ત્રીજું આવાસ બન્યું છે. બુંદેલખંડ વિસ્તારમાં આવેલું આ સ્થળ પ્રોજેક્ટ ચિત્તા હેઠળ આફ્રિકન ચિત્તાઓનું આવાસ બનનાર દેશનું પ્રથમ ટાઇગર રિઝર્વ પણ છે. આ પહેલ ભારતમાં ચિત્તાઓના પુનઃસ્થાપન માટેનું મહત્ત્વનું પગલું છે.

Crack GPSC

જેવર એરપોર્ટ હવે નરેન્દ્ર મોદી ઇન્ટરનેશનલ એરપોર્ટ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળે ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં આવેલા નોઇડા ઇન્ટરનેશનલ એરપોર્ટ (જેવર એરપોર્ટ)નું નામ બદલીને 'નરેન્દ્ર મોદી ઇન્ટરનેશનલ એરપોર્ટ, નોઇડા-જેવર' રાખવાના પ્રસ્તાવને મંજૂરી આપી. આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારના વડા તરીકે 25 વર્ષ પૂર્ણ કર્યાના પ્રસંગે લેવામાં આવ્યો. આ એરપોર્ટ દિલ્હી-NCRનું બીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે. તેનો વિકાસ યમુના ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રા. લિ. (YIAPL) દ્વારા જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડેલ હેઠળ કરવામાં આવ્યો છે.

વારાણસીમાં 'શિન્ઝો આબે મેમોરિયલ કોરિડોર'

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને શિન્ઝો આબેનાં પત્ની આકી આબે દ્વારા વારાણસી ખાતે આવેલા રુદ્રાક્ષ ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેની સ્મૃતિમાં 'આબે મેમોરિયલ કોરિડોર'નું ઉદઘાટન કરવામાં આવ્યું. આ કોરિડોર ભારત-જાપાનના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધોનું પ્રતીક છે. જાપાનની સહાયથી નિર્મિત રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરનું ઉદઘાટન 2021માં થયું હતું. શિન્ઝો આબેએ 2015માં નરેન્દ્ર મોદી સાથે વારાણસીની ગંગા આરતી નિહાળી હતી. તેમને 2021માં પદ્મ વિભૂષણ એનાયત કરવામાં આવ્યો હતો.

ભારતની પ્રથમ હાઈ-ઑલ્ટિટ્યૂડ સ્નો લેપર્ડ સફારી

લદ્દાખના ઉપરાજ્યપાલ વિનયકુમાર સક્સેનાએ લેહના ચોગલમસર સંરક્ષિત વન ખાતે ભારતની પ્રથમ હાઈ-ઑલ્ટિટ્યૂડ વાઇલ્ડલાઇફ સફારી (સ્નો લેપર્ડ સફારી)નો પ્રારંભ કરાવ્યો. આ પહેલ હેઠળ શરૂઆતમાં 6 વિશેષ સફારી વાહનોને રવાના કરવામાં આવ્યાં. સફારીનું સંચાલન SHAN સોસાયટી અને લદ્દાખના વન, પર્યાવરણ તથા ઇકોલોજી વિભાગના સહયોગથી કરવામાં આવશે. શરૂઆતમાં રુમ્બક, શાંગ અને ઉલે વિસ્તારોમાં સફારી યોજાશે. તેનો ઉદ્દેશ હિમચિત્તા (સ્નો-લેપર્ડ)ના સંરક્ષણને જવાબદાર પર્યટન અને સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપવાનો છે. ભારતના કુલ હિમચિત્તામાંથી લગભગ 60%થી વધુ લદ્દાખમાં વસે છે.

57મી GST કાઉન્સિલની બેઠકમાં મહત્ત્વપૂર્ણ સુધારા

નવી દિલ્હીમાં નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં યોજાયેલી 57મી GST કાઉન્સિલની બેઠકમાં GST અધિકારીઓની ધરપકડ કરવાની સત્તા દૂર કરવા અને ફોજદારી કાર્યવાહી શરૂ કરવા માટેની નાણાકીય મર્યાદા વધારીને ₹5 કરોડ કરવાની ભલામણ કરવામાં આવી. ઉપરાંત, લઘુતમ ફરજિયાત સજાની જોગવાઈ દૂર કરી દંડ કે કેદ અંગેનો નિર્ણય કોર્ટના વિવેક પર છોડવા તથા સામાન્ય દંડ ₹10,000 કરવાની ભલામણ કરાઈ. કાઉન્સિલે કરદાતાઓ માટેની પ્રક્રિયા સરળ બનાવવા, ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) અને રિફંડ વ્યવસ્થામાં સુધારા કરવાની ભલામણ કરી. GST કાઉન્સિલની રચના બંધારણની કલમ 279A હેઠળ કરવામાં આવી છે.

સ્મિત મચ્છરને ઇઝરાયલનો સર્વોચ્ચ વીરતા પુરસ્કાર

ઇઝરાયલના રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગએ ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છરને 'પ્રેસિડેન્શિયલ એવોર્ડ ફોર સિવિલિયન હીરોઇઝમ' આપવાની જાહેરાત કરી. 30 સપ્ટેમ્બર, 2026ના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઇટ FZ1073માં સહ-પાઇલટે હુમલો કરતાં સ્મિત ગંભીર રીતે ઘાયલ થવા છતાં તેમણે કોકપિટનો દરવાજો ખોલીને મુસાફરોને હુમલાખોરને કાબૂમાં લેવા મદદ કરી હતી. ત્યારબાદ વિમાને સાઉદી અરેબિયાના તબુક ખાતે ઇમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. આ ઘટનામાં મદદ કરનારા છ ઇઝરાયલી મુસાફરોને પણ પુરસ્કાર આપવામાં આવ્યો. સ્મિતને સ્વસ્થ થયા બાદ સન્માનિત કરવામાં આવશે.

નવી પિલ્લઈને નોબેલ શાંતિ પુરસ્કાર 2026

દક્ષિણ આફ્રિકાનાં ભારતીય તમિલ મૂળનાં કાનૂનવિદ્ નવનેથમ 'નવી' પિલ્લઈની નોબેલ શાંતિ પુરસ્કાર 2026 માટે પસંદગી કરવામાં આવી. શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો બદલ તેમને આ સન્માન અપાયું. તેમણે દક્ષિણ આફ્રિકામાં રંગભેદ વિરોધી કાર્યકરોના અધિકારો માટે લડત આપી હતી. નવી રવાન્ડા માટેની આંતરરાષ્ટ્રીય

Crack GPSC

ફોજદારી ટ્રિબ્યુનલ (ICTR) અને આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત (ICC)માં ન્યાયાધીશ ઉપરાંત UN માનવાધિકારનાં ઉચ્ચાયુક્ત રહી ચૂક્યાં છે. દક્ષિણ આફ્રિકાના ડર્બનમાં જન્મેલ નવી 1995માં દક્ષિણ આફ્રિકાની હાઈકોર્ટનાં ન્યાયાધીશ બન્યાં હતાં.

11/10/2026

નામેરી ટાઇગર રિઝર્વને આંતરરાષ્ટ્રીય CA|TS માન્યતા

આસામના સોનિતપુર જિલ્લાના નામેરી ટાઇગર રિઝર્વને વાઘ સંરક્ષણ અને સુરક્ષિત વનવિસ્તારના યોગ્ય વ્યવસ્થાપન માટે આંતરરાષ્ટ્રીય CA/TS (કન્ઝર્વેશન અસ્યોર્ડ/ટાઇગર સ્ટાન્ડર્ડ) માન્યતા મળ્યાની જાહેરાત કરવામાં આવી. આ સાથે આસામનાં ચારેય ટાઇગર રિઝર્વ કાઝીરંગા, માનસ, ઓરાંગ અને નામેરી CA|TS માન્યતા પ્રાપ્ત બન્યાં છે. આ માન્યતા વન્યજીવ સુરક્ષા, આવાસ વ્યવસ્થાપન, વૈજ્ઞાનિક દેખરેખ અને સ્થાનિક સમુદાયની ભાગીદારીના મૂલ્યાંકનના આધારે આપવામાં આવે છે. આ અભયારણ્યને 1985માં વન્યજીવ અભયારણ્ય, 1998માં રાષ્ટ્રીય ઉદ્યાન અને 2000માં ટાઇગર રિઝર્વ તરીકે જાહેર કરવામાં આવ્યું.

કેનેડાનાં એન કાર્સનને સાહિત્યનો નોબેલ

સ્વીડિશ અકાદમીએ કેનેડાનાં કવયિત્રી, નિબંધકાર અને અનુવાદક એન કાર્સનને 2026નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર આપવાની જાહેરાત કરી. પ્રાચીન ગ્રીક સાહિત્ય અને આધુનિક સાહિત્ય વચ્ચે સર્જનાત્મક સમન્વય સાધીને કવિતા, ગદ્ય, સંવાદ અને અનુવાદનાં પરંપરાગત સ્વરૂપોથી અલગ નવી સાહિત્યિક શૈલી વિકસાવવા બદલ તેમને આ સન્માન આપવામાં આવ્યું છે. 1950માં કેનેડાના ટોરોન્ટોમાં જન્મેલાં કાર્સન પ્રાચીન ગ્રીક સાહિત્યનાં અભ્યાસુ અને અનુવાદક છે. તેઓ 2013માં પુરસ્કાર મેળવનાર એલિસ મુનરો બાદ સાહિત્યનો નોબેલ મેળવનાર કેનેડાનાં બીજાં લેખક બન્યાં છે.

હેનરી અને કેન્સોને રસાયણશાસ્ત્રનો નોબલ

રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર 2026 ફ્રાન્સના હેનરી બી. કાગન અને જાપાનના કેન્સો સોઆઈને સંયુક્ત રીતે આપવામાં આવશે. તેમને અસમમિત કાર્બનિક સંશ્લેષણમાં બિનરેખીય અસરો અને સ્વઉત્પ્રેરણની શોધ બદલ આ સન્માન આપવામાં આવશે. તેમના સંશોધનથી એકબીજાના દર્પણપ્રતિબિંબ જેવા અણુઓમાંથી કોઈ એક સ્વરૂપને વધુ પ્રમાણમાં કેવી રીતે ઉત્પન્ન કરી શકાય તે સમજવામાં મદદ મળી છે. આ શોધ ચિરાલિટી (Chirality) અને હોમોચિરાલિટી (Homochirality) જેવી રાસાયણિક ઘટનાઓને સમજવા તથા દવાઓના સુરક્ષિત અને અસરકારક ઉત્પાદન માટે મહત્ત્વપૂર્ણ છે.

બરડાના માલધારીઓ માટે સ્વૈચ્છિક સ્થળાંતર યોજના

ગુજરાત સરકારે બરડા વન્યજીવન અભયારણ્યમાં રહેતા માલધારીઓ માટે સ્વૈચ્છિક સ્થળાંતર કાર્યક્રમની જાહેરાત કરી. આ સંરક્ષિત વિસ્તાર ગ્રેટર ગીર લેન્ડસ્કેપની બહાર એશિયાઈ સિંહો માટે બીજા નિવાસસ્થાન તરીકે વિકસાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ સ્થળાંતર પસંદ કરનાર પાત્ર પરિવારને શરતોને અધીન 100 ચોરસ વાર રહેણાંક પ્લોટ અને એક વખતની સહાય તરીકે ₹15 લાખ પ્રાપ્ત થશે. બરડા હાલમાં એશિયાઈ સિંહોની સેટેલાઇટ વસ્તીને સમર્થન આપે છે. બરડા અભયારણ્ય પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલું છે. આ યોજના રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ પ્રાધિકરણ (NTCA)ની માર્ગદર્શિકા અનુસાર અમલમાં મૂકવામાં આવશે.

ભૂજ ખાતે ગ્રીન એનર્જી સેન્ટર ઑફ એક્સેલન્સ

ગુજરાતના ભૂજ ખાતે અદાણી સ્કિલ્સ એન્ડ એજ્યુકેશન (ASE) અને કચ્છ યુનિવર્સિટીના સહયોગથી ગ્રીન એનર્જી સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE) શરૂ કરવામાં આવ્યું. આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર માટે કુશળ માનવબળ તૈયાર કરવાનો અને વિદ્યાર્થીઓને ઉદ્યોગની જરૂરિયાત મુજબ પ્રાયોગિક તાલીમ આપવાનો છે. કેન્દ્રમાં સૌર ઊર્જા, પવન

Crack GPSC

ઊર્જા, હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી સિસ્ટમ્સ, બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) અને ઔદ્યોગિક ઑટોમેશન જેવાં ક્ષેત્રો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. અહીં દર વર્ષે 10,000થી વધુ વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું આયોજન છે.

રોહિત શર્મા: વનડે ઓપનર તરીકે ઝડપી 10,000 રન

ભારતીય ક્રિકેટર રોહિત શર્માએ વેસ્ટ ઇન્ડીઝ સામે મુલ્લાંપુર (ન્યૂ ચંદીગઢ, પંજાબ) ખાતે રમાયેલી ત્રીજી વનડે મેચમાં ઓપનર તરીકે સૌથી ઝડપી 10,000 રન પૂર્ણ કરીને નવો વિશ્વવિક્રમ સ્થાપ્યો. તેમણે માત્ર 202 ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી સચિન તેંડુલકરનો 214 ઇનિંગ્સનો 22 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો. રોહિત આ સિદ્ધિ મેળવનાર વિશ્વના ચોથા અને ભારતના બીજા બેટ્સમેન બન્યા છે. આ પહેલાં સચિન તેંડુલકર, શ્રીલંકાના સનથ જયસૂર્યા અને વેસ્ટ ઇન્ડીઝના ક્રિસ ગેલે ઓપનર તરીકે 10,000 રન પૂર્ણ કર્યા હતા. અગાઉ વેસ્ટ ઇન્ડીઝ સામેની બીજી વનડેમાં તેમણે સદી ફટકારી હતી અને કારકિર્દીના કુલ 12,000 વનડે રન પણ પૂર્ણ કર્યા હતા.

12/10/2026

કેટી ઝકારિયા: વ્હાઇટ હાઉસનાં નવાં પ્રેસ સેક્રેટરી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેટી ઝકારિયાને વ્હાઇટ હાઉસના નવા પ્રેસ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી. તેઓ કેરોલિન લેવિટનું સ્થાન લેશે, જેમણે ઑગસ્ટ 2026માં પદ છોડ્યું હતું. ઝકારિયા અગાઉ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS)માં પ્રવક્તા તરીકે કાર્યરત હતાં. તેઓ ટ્રમ્પ મીડિયા એન્ડ ટેક્નોલોજી ગ્રુપમાં વરિષ્ઠ સંચાર સલાહકાર તરીકે કાર્ય કરી ચૂક્યાં છે. તેમણે Fox News તથા Newsmax જેવા સમાચાર માધ્યમોમાં રાજકીય ટિપ્પણીકાર તરીકે પણ કામ કર્યું છે. પ્રેસ સેક્રેટરી તરીકે તેમની મુખ્ય જવાબદારી રાષ્ટ્રપતિ અને વ્હાઇટ હાઉસની નીતિઓ તથા નિર્ણયો અંગે મીડિયાને માહિતી આપવાની રહેશે.

અમદાવાદમાં BRICS રમતોત્સવ 2026નું આયોજન

ગુજરાતના અમદાવાદ સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે BRICS ટ્રેડીશનલ એન્ડ ઇન્ડિજિનિયસ ડેમો ગેમ્સ 2026નું આયોજન કરાયું. ભારતના BRICS અધ્યક્ષપદ હેઠળ કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલય તથા ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ રમતોત્સવમાં BRICSના સભ્ય અને ભાગીદાર દેશો પોતાની પરંપરાગત તથા સ્વદેશી રમતોનું પ્રદર્શન કરશે. ભારત તરફથી મલ્લખંભ, યોગાસન અને કલરીપયટ્ટુ, જ્યારે ચીન તરફથી વુશુ અને બ્રાઝિલ તરફથી કેપોઇરા જેવી રમતો રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ બિનસ્પર્ધાત્મક હશે, જેનો મુખ્ય ઉદ્દેશ પરંપરાગત રમતોનું સંરક્ષણ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન વધારવાનો છે.

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં કટોકટી જાહેર

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ વડાપ્રધાન શાહબાઝ શરીફની સરકારની ભલામણને મંજૂરી આપીને ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં કટોકટી અને ગવર્નર શાસન લાગુ કર્યું. આ નિર્ણયથી પૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (PTI) પાર્ટીની છેલ્લી પ્રાંતીય સરકાર સત્તા પરથી દૂર થઈ અને મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીની સરકારની સત્તાઓ સ્થગિત થઈ. પાકિસ્તાનના બંધારણની કલમ 232 અને 234 હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી. કેન્દ્ર સરકારે વધતી આતંકવાદી પ્રવૃત્તિઓ અને સુરક્ષાની કથળતી સ્થિતિને તેનું કારણ ગણાવ્યું. બીજી તરફ, જેલમાં બંધ ઇમરાન ખાનની મુક્તિની માગ સાથે PTIએ આ નિર્ણયનો વિરોધ કર્યો.

રૂપિયાને સ્થિર કરવા RBIનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

RBIએ રૂપિયાના ઘટતા મૂલ્યને નિયંત્રિત કરવા માટે ત્રણ સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓ IOCL, HPCL અને ભારત પેટ્રોલિયમ માટે સ્પેશિયલ ડૉલર વિન્ડો શરૂ કરવાની જાહેરાત કરી. આ વ્યવસ્થા હેઠળ RBI નિયુક્ત બેંકો મારફતે ત્રણેય કંપનીઓની દૈનિક ડૉલરની સંપૂર્ણ જરૂરિયાત પૂરી કરશે. તેનો મુખ્ય ઉદ્દેશ વિદેશી વિનિમય બજારમાં ડૉલરની માંગ ઘટાડીને રૂપિયા પરનું દબાણ ઓછું કરવાનો છે. RBIએ ફોરેક્સ ડેરિવેટિવ્સના નિયમો પણ કડક બનાવ્યા. તે અંતર્ગત

Crack GPSC

એક્સપોઝરનો પુરાવો આપ્યા વિના ચોક્કસ ડેરિવેટિવ વ્યવહારો કરવાની મર્યાદા 10 કરોડ ડૉલરથી ઘટાડીને 50 લાખ ડૉલર કરવામાં આવી છે.

RBIએ રેપો રેટમાં 0.25%નો વધારો કર્યો

RBIની નાણાકીય નીતિ સમિતિ (MPC)એ 25 બેસિસ પોઇન્ટ (0.25%)નો વધારીને રેપો રેટ 5.25%થી 5.50% કર્યો. RBIના ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં યોજાયેલી MPCની 63મી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. ફેબ્રુઆરી 2023 બાદ રેપો રેટમાં આ પ્રથમ વધારો છે. વધતી મોંઘવારી, ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. MPCએ નાણાકીય નીતિનું વલણ 'Neutral'માંથી 'Calibrated Tightening' કર્યું. ઉપરાંત, સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી (SDF) દર 5.25% અને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) દર તથા બેંક રેટ 5.75% નક્કી કરવામાં આવ્યા.

ગુજરાત વિદ્યાપીઠ: 7 ઑક્ટોબરે 'રેંટિયા બારસ'

અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠે મહાત્મા ગાંધીની જન્મજયંતી 7 ઓકટોબરના રોજ 'રેંટિયા બારસ' તરીકે ઉજવી હતી. સમગ્ર ભારતમાં ગાંધીજયંતી 2 ઑક્ટોબરે ઉજવાય છે, પરંતુ ગુજરાત વિદ્યાપીઠ છેલ્લાં આશરે 90 વર્ષથી વિક્રમ સંવત પંચાંગ અનુસાર ભાદરવા વદ બારસના દિવસે આ ઉજવણી કરે છે. ગાંધીજીનો જન્મ 2 ઑક્ટોબર, 1869ના રોજ થયો હતો, જે હિંદુ પંચાંગ મુજબ ભાદરવા વદ બારસનો દિવસ હતો. ગાંધીજીએ આશરે 1929–30માં પોતાના જન્મદિવસને વ્યક્તિગત ઉજવણીને બદલે ચરખા, સ્વદેશી અને આત્મનિર્ભરતાના સંદેશ માટે સમર્પિત કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

13/10/2026

ટીબી નાબૂદી માટે 'JOSH Teams'નો પ્રારંભ

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે નવી દિલ્હી ખાતે TB મુક્ત ભારત અભિયાન અંતર્ગત JOSH-Joint Squad for Health ટીમનો પ્રારંભ કર્યો. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ યુવાનોની ભાગીદારી દ્વારા ક્ષય રોગ (TB) અંગે જાગૃતિ, સમયસર નિદાન અને સારવાર તથા સામાજિક ભેદભાવ ઘટાડવાનો છે. પ્રથમ તબક્કામાં 11 રાજ્યોના 55 જિલ્લાઓમાં MY Bharat સ્વયંસેવકો, NCC કેડેટ્સ અને સરકારી અધિકારીઓ સહિત JOSH ટીમો કાર્યરત થશે. કાર્યક્રમ દરમિયાન ટીબી સંબંધિત માહિતી માટે 12 ભાષાઓમાં ઉપલબ્ધ 'ખુશી અવતાર'ની તથા TB મુક્ત ભારત Appમાં JOSH Teams માટેની નવી સુવિધા શરૂ કરવામાં આવી.

અયોધ્યા રામ મંદિરને FSSAIનું પ્રમાણપત્ર

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં આવેલા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રને ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI) દ્વારા 'Eat Right Place of Worship' પ્રમાણપત્ર આપવામાં આવ્યું. આ પ્રમાણપત્ર FSSAIની BHOG (Blissful Hygienic Offering to God) પહેલ અંતર્ગત આપવામાં આવ્યું, જેનો મુખ્ય હેતુ ધાર્મિક સ્થળોએ પ્રસાદ અને ભોજનની ખાદ્ય સુરક્ષા તથા સ્વચ્છતા સુનિશ્ચિત કરવાનો છે. મંદિર પરિસરમાં પ્રસાદની તૈયારી, સંગ્રહ અને વિતરણ દરમિયાન ખાદ્ય સુરક્ષા તથા સ્વચ્છતાના નિર્ધારિત ધોરણોનું પાલન કરવા બદલ આ માન્યતા આપવામાં આવી છે. મંદિરને મૂલ્યાંકનમાં 114માંથી 103 ગુણ સાથે સર્વોચ્ચ 'અતિ વિશિષ્ટ' શ્રેણી પ્રાપ્ત થઈ છે.

પ્રકાશ રાજપુરોહિત: નવા નાયબ ચૂંટણી કમિશનર

ભારતના ચૂંટણી પંચ (ECI)માં નવા નાયબ ચૂંટણી કમિશનર (Deputy Election Commissioner) તરીકે પ્રકાશ રાજપુરોહિતની નિમણૂક કરવામાં આવી. તેમની નિમણૂકને કેબિનેટની નિમણૂક સમિતિ (ACC) દ્વારા મંજૂરી આપવામાં આવી છે. અગાઉ તેઓ સંરક્ષણ મંત્રાલયના સંરક્ષણ ઉત્પાદન વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે કાર્યરત હતા. ઓગસ્ટ 2026માં અગાઉના નાયબ ચૂંટણી કમિશનર સંજય કુમારને તેમના મૂળ કેડરમાં પરત મોકલવામાં આવ્યા બાદ ખાલી પડેલા

Crack GPSC

પદ પર તેમની નિમણૂક કરવામાં આવી છે. સંજય કુમાર ચૂંટણી પંચમાં મતદાર યાદી અને માહિતી ટેક્નોલોજી (IT) વિભાગની જવાબદારી સંભાળતા હતા.

સ્મૃતિ: UNICEF ઇન્ડિયાનાં સેલિબ્રિટી એડવોકેટ

સંયુક્ત રાષ્ટ્ર બાળ ભંડોળ (UNICEF) ઇન્ડિયાએ આંતરરાષ્ટ્રીય કન્યા દિવસ (International Day of the Girl) નિમિત્તે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન સ્મૃતિ મંધાનાને પોતાનાં નવાં સેલિબ્રિટી એડવોકેટ તરીકે નિયુક્ત કર્યાં. આ ભૂમિકામાં તેઓ ખાસ કરીને કિશોરીઓના અધિકારો, આરોગ્ય, કલ્યાણ, લિંગ સમાનતા અને રમતગમત સહિત વિવિધ ક્ષેત્રોમાં સમાન તકોને પ્રોત્સાહન આપવા કાર્ય કરશે. અગાઉ સ્મૃતિ મંધાનાએ UNICEF અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)ના લિંગ સમાનતા તથા જીવનકૌશલ્ય સંબંધિત અભિયાનોમાં પણ સહયોગ આપ્યો હતો. UNICEFના દક્ષિણ એશિયા માટેના પ્રાદેશિક સદ્‌ભાવના દૂત સચિન તેંડુલકર છે.

રોબર્ટ ઇ. હોલ અને માઇકલ વુડફોર્ડને નોબલ

2026ના અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કાર માટે અમેરિકન અર્થશાસ્ત્રીઓ રોબર્ટ ઇ. હોલ અને માઇકલ વુડફોર્ડની સંયુક્ત પસંદગી કરવામાં આવી છે. તેમને 'સમગ્ર અર્થતંત્રની સ્થિરતા માટે સૂક્ષ્મ અર્થશાસ્ત્રીય પાયા' સંબંધિત સંશોધન બદલ આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. તેમના સંશોધનથી વિકસિત નવા સમષ્ટિ અર્થશાસ્ત્રીય મોડેલો સરકારો અને કેન્દ્રીય બેંકોને ફુગાવો, મંદી તથા આર્થિક ઉતાર-ચઢાવને નિયંત્રિત કરવા માટે યોગ્ય નાણાકીય અને રાજકોષીય નીતિઓ ઘડવામાં મદદરૂપ થાય છે. રોબર્ટ ઇ. હોલ અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી અને માઇકલ વુડફોર્ડ કોલંબિયા યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે.

અંબાજી મંદિરના મોહનથાળ પ્રસાદને GI ટેગ

પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરના પરંપરાગત મોહનથાળ પ્રસાદને ભૌગોલિક સંકેત (Geographical Indication–GI) ટેગ આપવામાં આવ્યો. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી અરજીના આધારે કેન્દ્રીય GI રજિસ્ટ્રી દ્વારા 'અંબાજી મોહનથાળ'ને ખાધપદાર્થોની વર્ગ-30 શ્રેણી હેઠળ નોંધણી આપવામાં આવી. આ પ્રસાદ ચણાનો લોટ, ઘી અને ખાંડમાંથી બનતો મોહનથાળ અંબાજી મંદિરનો પરંપરાગત પ્રસાદ છે. નોંધણીથી પ્રસાદની વિશિષ્ટ ભૌગોલિક ઓળખ, પરંપરા અને પ્રતિષ્ઠાને કાનૂની સંરક્ષણ મળશે. અન્ય GI-નોંધાયેલ મંદિર પ્રસાદમાં તિરુપતિ લાડુ (આંધ્ર પ્રદેશ) અને પલાની પંચામૃતમ (તમિલનાડુ)નો સમાવેશ થાય છે.

14/10/2026

સુનીલ મિત્તલને ફ્રાન્સનું સર્વોચ્ચ નાગરિક સન્માન

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોં દ્વારા ભારતી એન્ટ.ના સ્થાપક અને અધ્યક્ષ સુનીલ ભારતી મિત્તલને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન 'લિજન ઑફ ઑનર' અંતર્ગત 'શેવેલિયર-નાઇટ' (Chevalier–Knight) શ્રેણીથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી. ભારત અને ફ્રાન્સ વચ્ચેના આર્થિક સંબંધોને મજબૂત બનાવવા તથા ટેલિકોમ્યુનિકેશન અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે આપેલા યોગદાન બદલ તેમને આ સન્માન માટે પસંદ કરવામાં આવ્યા. સુનીલ ભારતી મિત્તલ અગાઉ 2007માં પદ્મભૂષણ અને 2024માં બ્રિટનના માનદ નાઇટ કમાન્ડર ઑફ ધ ઓર્ડર ઑફ ધ બ્રિટિશ એમ્પાયર (KBE) સન્માનથી પણ સન્માનિત થઈ ચૂક્યા છે.

ભારતીય સૈનિકો માટે 'ભારત રાઇસ' પહેલ શરૂ

ભારતીય સેનાએ નવી દિલ્હીમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંહની હાજરીમાં સૈનિકોને ઉચ્ચ ગુણવત્તાવાળા ચોખા ઉપલબ્ધ કરાવવા માટે 'ભારત રાઇસ' પહેલ શરૂ કરી. આ પહેલ અંતર્ગત NAFED દ્વારા વર્ષ 2026–27 દરમિયાન નિર્ધારિત સંરક્ષણ ધોરણો અનુસાર તૈયાર કરાયેલા ચોખા 10 કિગ્રા અને 30 કિગ્રાના પેકેટમાં લદ્દાખ અને પૂર્વોત્તર ભારત સહિતના દુર્ગમ વિસ્તારોમાં આવેલ સેનાના પુરવઠા ડેપોમાં સીધા પહોંચાડવામાં આવશે. ભારતીય સેના અને ભારતીય ખાદ્ય નિગમ (FCI)

CrackGPSC

વચ્ચે 5 વર્ષના MoU કરવામાં આવ્યા, જે અંતર્ગત સૈન્ય કાર્યવાહીની આકસ્મિક પરિસ્થિતિઓમાં સેના FCIનાં ગોદામો, માનવબળ અને સામગ્રી સંચાલન સાધનોનો ઉપયોગ કરી શકશે.

લાખો કિશોરીઓ બાળલગ્નના જોખમમાં

ભારતમાં બાળલગ્નના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવા છતાં UNICEF અને બાળઅધિકાર નિષ્ણાતોએ લાખો કિશોરીઓ હજુ પણ બાળલગ્નના જોખમમાં હોવાનું જણાવ્યું. ભારતમાં બાળલગ્નનું પ્રમાણ 1996માં 50%થી વધુ હતું, જે ઘટીને આશરે 20% થયું છે. છતાં વિશ્વમાં બાળપણમાં લગ્ન કરનાર દર ત્રણ મહિલાઓમાંથી એક ભારતમાં રહે છે અને ભારતમાં આશરે દર 5માંથી 1 યુવતીનાં લગ્ન 18 વર્ષની ઉંમર પહેલાં થયાં. UNICEF અને સરકારી આંકડાઓ અનુસાર ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ એમ 5 રાજ્યોમાં દેશનાં કુલ બાળલગ્નોના અડધાથી વધુ કિસ્સાઓ નોંધાયેલા છે.

લસણની છાલમાંથી વીજ ઉત્પાદનની ટેક્નોલોજી

રાજસ્થાનના જયપુર સ્થિત માલવીય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના સંશોધક માનસ તિવારી અને ડૉ. દીપક ભારતીએ લસણની નકામી છાલનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરતું ટ્રાઇબોઇલેક્ટ્રિક નેનોજનરેટર (TENG) વિકસાવ્યું. આ ટેક્નોલોજી ટ્રાઇબોઇલેક્ટ્રિક અસરના સિદ્ધાંત પર કાર્ય કરે છે, જેમાં લસણની છાલ અને પોલિઇથિલિન પ્લાસ્ટિકની સપાટીઓના સંપર્ક અને અલગ થવાથી વિદ્યુત ઊર્જા ઉત્પન્ન થાય છે. પ્રયોગ દરમિયાન એક સ્તરથી આશરે 210 વોલ્ટ અને 45 માઇક્રોએમ્પિયર, જ્યારે બે સ્તરથી આશરે 400 વોલ્ટ અને 65 માઇક્રોએમ્પિયર વિદ્યુત આઉટપુટ પ્રાપ્ત થયું હતું.

છ રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક

ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક કરી. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર સૂચના અનુસાર સિક્કિમના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરને કેરલમના રાજ્યપાલ તરીકે, જ્યારે કેરલમના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તમિલનાડુના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ ઉપરાંત બ્રજ મોહન રામને ઓડિશા, ડૉ. સુધા યાદવને કર્ણાટક, ડૉ. ધલ સિંહ બિસેનને ઉત્તરાખંડ અને દુષ્યંત ગૌતમને સિક્કિમના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. બંધારણની કલમ 153 દરેક રાજ્ય માટે રાજ્યપાલની જોગવાઈ કરે છે અને કલમ 155 અનુસાર રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

NASAના પર્સિવિયરન્સ રોવરનો નવો રેકોર્ડ

અમેરિકન સ્પેસ એજન્સી NASAના પર્સિવિયરન્સ માર્સ રોવરે મંગળ ગ્રહની સપાટી પર કુલ 45.22 કિમી અંતર કાપીને પૃથ્વી સિવાયના અન્ય ખગોળીય પિંડની સપાટી પર સૌથી વધુ અંતર કાપનાર વાહનનો નવો વિશ્વવિક્રમ સ્થાપ્યો. તેણે NASAના જ ઓપર્ચ્યુનિટી રોવરનો 45.16 કિમીનો અગાઉનો વિક્રમ તોડ્યો. પર્સિવિયરન્સે મંગળ પર ઉતરાણ કર્યા બાદ આશરે સાડા પાંચ વર્ષમાં અને તેના મિશનના 2,006મા મંગળ દિવસે આ સિદ્ધિ મેળવી છે, જ્યારે ઓપર્ચ્યુનિટીને અગાઉનો વિક્રમ સ્થાપવામાં લગભગ 15 વર્ષ લાગ્યાં હતાં. પર્સિવિયરન્સ હાલમાં જેઝેરો ક્રેટરના પશ્ચિમ કિનારાની બહાર આવેલા Lac de Charmes વિસ્તારમાંથી Idubi તરફ આગળ વધી રહ્યું છે.

15/10/2026

અદાણી જૂથનો ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ

મુંબઈમાં એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીઓ પૈકીની એક ધારાવીના પુનર્વિકાસ પ્રોજેક્ટ (DRP) અંતર્ગત અદાણી નવભારત ડેવ. પ્રા. લિ. દ્વારા માટુંગાની 22 એકર રેલવે જમીન પર આવાસોના બાંધકામની શરૂઆત કરવામાં આવી. આ પ્રોજેક્ટ અંતર્ગત 37થી 39 માળના કુલ 10 ટાવરમાં 10,432 રહેણાક ફ્લેટ તથા 1,379 વેપારી અને ઔદ્યોગિક એકમો બનાવવામાં આવશે. પુનર્વસન માટે પાત્ર ધારાવીના રહેવાસીઓને 350 ચોરસ ફૂટના ફ્લેટ આપવામાં આવશે. દરેક ટાવરમાં

CrackGPSC

લિફ્ટ, ફાયર સેફ્ટી સહિત અન્ય સામાજિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. ધારાવી વિશ્વની સૌથી જાણીતી ગીચ વસાહતોમાંની એક ગણાય છે.

તૈયબ મહેતાનું ચિત્ર ₹69 કરોડમાં વેચાયું

ભારતના જાણીતા આધુનિક ચિત્રકાર તૈયબ મહેતાનું 2002માં નિર્મિત 'Rickshaw Puller' પેઇન્ટિંગ ₹69.1 કરોડમાં વેચાયું. Volte Una નામના નવા ઓક્શન હાઉસની પ્રથમ હરાજીમાં થયેલ આ વેચાણથી તૈયબ મહેતાની કોઈપણ કલાકૃતિ માટે હરાજીમાં મળેલી સૌથી વધુ કિંમતનો નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત થયો. અગાઉ તેમનું 'Trussed Bull' પેઇન્ટિંગ 2025માં ₹61.80 કરોડમાં વેચાયું હતું. 'Rickshaw Puller' હવે હરાજીમાં સૌથી વધુ કિંમતે વેચાયેલી ભારતીય કલાકૃતિઓમાં ચોથા ક્રમે છે. એક્રેલિક રંગોથી કેનવાસ પર બનાવેલી આ કૃતિમાં રિક્ષા ખેંચતા શ્રમિકના જીવનસંઘર્ષ, પરિશ્રમ અને માનવીય વેદનાને કલાત્મક રીતે વ્યક્ત કરવામાં આવી છે.

BIMSTECના ગૃહમંત્રીઓની પ્રથમ બેઠક

નવી દિલ્હીમાં ભારતની યજમાની હેઠળ ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં BIMSTECના ગૃહમંત્રીઓની પ્રથમ બેઠક યોજાઈ. આ બેઠકમાં સાતેય સભ્ય દેશોએ પ્રાદેશિક સુરક્ષા અને સહયોગ મજબૂત બનાવવા 'દિલ્હી ઘોષણાપત્ર' અપનાવ્યું. ઘોષણાપત્રનો મુખ્ય હેતુ આતંકવાદ અને આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુનાઓ સામે સહયોગ વધારવાનો છે. BIMSTEC (બે ઓફ બેંગોલ ઇનિશિએટીવ ફોર મલ્ટી-સેક્ટરલ ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કોઓપરેશન)ની સ્થાપના જૂન, 1997માં થઇ હતી. તેમાં કુલ 7 સભ્ય દેશો છે. તેનું સચિવાલય બાંગ્લાદેશના ઢાકામાં આવેલું છે. આતંકવાદ અને સંગઠિત ગુનાઓ સામેનું BIMSTEC સંમેલન માર્ચ 2021માં અમલમાં આવ્યું.

લક્ષદ્વીપ પ્રથમ 100% સાક્ષર કેન્દ્રશાસિત પ્રદેશ

લક્ષદ્વીપને ULLAS – નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ સંપૂર્ણ સાક્ષર કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરવામાં આવ્યો. લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલ પટેલે રાજધાની કાવારત્તીમાં એક કાર્યક્રમમાં આ સિદ્ધિની જાહેરાત કરી. આ સિદ્ધિ ભારતના પુખ્તવયના લોકોમાં સાક્ષરતા વધારવાના પ્રયાસોમાં મહત્ત્વપૂર્ણ છે. જોકે, અહીં 100% સાક્ષરતાનો અર્થ ULLAS કાર્યક્રમ હેઠળ ઓળખાયેલા પાત્ર શિક્ષાર્થીઓએ સાક્ષરતા મૂલ્યાંકન પૂર્ણ કર્યું છે એવો થાય છે. ULLASનું સંપૂર્ણ નામ Understanding of Lifelong Learning for All in Society છે. આ યોજના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 સાથે સંકળાયેલી છે. સંપૂર્ણ સાક્ષરતા માટે 95%નો માપદંડ નિર્ધારિત છે.

યંગ વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર-2026

લંડનના નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ દ્વારા આયોજિત 62મી વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર-2026 સ્પર્ધામાં 14 વર્ષીય બ્રિટિશ ફોટોગ્રાફર ઑસ્કર વ્હિટફિલ્ડને 'યંગ વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર-2026'નો સર્વોચ્ચ યુવા પુરસ્કાર આપવામાં આવ્યો. ઝિમ્બાબ્વેમાં રહેતા ઑસ્કરે 'Labour of Love' નામની બ્લેક એન્ડ વ્હાઇટ તસવીર માટે આ સન્માન મેળવ્યું છે. આ તસવીરમાં એક Dung Beetle (છાણનો ગોળો બનાવતો ભમરો) ધૂળભર્યા વિસ્તારમાં છાણનો ગોળો ધકેલતો જોવા મળે છે. ઑસ્કરે 11–14 વર્ષના વયજૂથમાં વિજય મેળવવાની સાથે સમગ્ર યુવા શ્રેણીનો સર્વોચ્ચ પુરસ્કાર પણ જીત્યો હતો. ભારતના સીતારામ રાઉલે 'શિફ્ટિંગ સેન્ડ' તસવીર માટે Behaviour: Invertebrates શ્રેણીમાં વિજય મેળવ્યો.

ભારતને LNG સપ્લાય કરવામાં ઓમાન પ્રથમ

ઓમાન અમેરિકાને પાછળ છોડીને ભારતનો સૌથી મોટો LNG સપ્લાયર બન્યો. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને હોર્મુઝની સામુદ્રધુની મારફતે ઊર્જા પરિવહનમાં સર્જાયેલા અવરોધોના કારણે ભારતના LNG આયાતના સ્ત્રોતોમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર થયો. ભારતની કુદરતી ગેસની જરૂરિયાતનો લગભગ અડધો ભાગ LNG આયાતથી પૂરો થાય છે. સંઘર્ષ પહેલાં આ આયાતનો લગભગ 60% હિસ્સો હોર્મુઝની સામુદ્રધુની મારફતે આવતો હતો. ઓમાનના LNG નિકાસ માર્ગો આ સામુદ્રધુની પર નિર્ભર નથી, જેના કારણે તે ભારત માટે મહત્ત્વપૂર્ણ વૈકલ્પિક સપ્લાયર બન્યો છે. કુદરતી ગેસને લગભગ −162°C સુધી ઠંડો કરીને LNG બનાવવામાં આવે છે, જેનો મુખ્ય ઘટક મિથેન (CH_4) છે.

CrackGPSC

IDBIનો 60.72% ભાગ Fairfaxને વેચવા મંજૂરી

કેન્દ્ર સરકારે IDBI બેંકનો 60.72% હિસ્સો ₹52,878.08 કરોડમાં કેનેડાની Fairfax Financial Holdingsની પેટાકંપનીને વેચવાની મંજૂરી આપી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી આર્થિક બાબતોની મંત્રીમંડળીય સમિતિ (CCEA)એ આ નિર્ણય લીધો. આ સોદામાં ભારત સરકાર પોતાનો 30.48% અને LIC પોતાનો 30.24% હિસ્સો વેચશે. સોદો પૂર્ણ થયા બાદ સરકારનો 15% અને LICનો 19% હિસ્સો બાકી રહેશે. શેરદીઠ ખરીદ કિંમત ₹81 નક્કી કરવામાં આવી. સોદો પૂર્ણ થયા પછી તે ભારતના નાણાકીય ક્ષેત્રમાં અત્યાર સુધીનું સૌથી મોટું વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) બનશે. વર્ષ 1964માં સ્થપાયેલી IDBI બેંકનું મુખ્યાલય મુંબઈમાં છે.

હિમાચલમાં પ્રથમ બેટરી સોલાર પાવર પ્રોજેક્ટ

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ લાહૌલ-સ્પીતિ જિલ્લાના કાઝા નજીક રોંગટોંગ ખાતે રાજ્યના પ્રથમ બેટરી સ્ટોરેજ સુવિધાવાળા સોલાર પાવર પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું. આ પ્રોજેક્ટની સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતા 2 MW અને બેટરી ઊર્જા સંગ્રહ ક્ષમતા 1 MWh છે. સમુદ્રસપાટીથી આશરે 3,600 મીટરની ઊંચાઈએ આવેલો આ પ્લાન્ટ દર વર્ષે અંદાજે 36 લાખ યુનિટ વીજળી ઉત્પન્ન કરશે. મુખ્યમંત્રીએ લાહૌલ-સ્પીતિ જિલ્લામાં કુલ ₹116.28 કરોડના વિકાસકાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. આ પ્રોજેક્ટનો હેતુ દુર્ગમ સરહદી વિસ્તારોમાં વીજપુરવઠાની વિશ્વસનીયતા વધારવાનો છે.

